RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 205 Dt. 8-2-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## આયકર વિભાગનો નવો સોલિડ નિર્ણયઃ દરોડામાં સ્થાનિક અધિકારીઓનો કરાશે ઓછો ઉપયોગઃ દરોડાની મંજૂરી હવે દિલ્હીથી જ મળશે

# દેવ સોલ્ટમાં 300 કરોડના બેનામી વ્યવહાર






### જામનગર,માળીયા,અમદાવાદ ખાતે આઈટીની ટીમોના ધામાઃ રાજકોટનું ઓપરેશન હોવા છતા માત્ર ત્રણ અધિકારીઓ જ જોડાયાઃ રોકડ તથા જવેલરી મળી આવી

રાજકોટ, તા. ૭

માર્ચ એન્ડિંગ નજીક આવતાની સાથે જ સમગ્ર રાજ્યમાં આવકવેરા વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યા છે મળતી માહિતી મુજબ ગઈકાલે રાજકોટ વિંગના નેજા હેઠળ માળીયા, જામનગર અને અમદાવાદ ખાતે મીઠાના ઉત્પાદક એવા દેવ સોલ્ટમાં દરોડા પાડવામાં આવ્યા હતા. ડી.એસ ઝહાલા અને એચ.ડી.ઝહાલા સહિત અનેક લોકો પર તપાસ હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ ૧૫ થી વધુ જગ્યાઓ પર સરચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું તેમ જ દ્વારકા જામનગર હાઈવે પર દેવ ગ્રુપની માલિકી ની હાઈવે હરી હોટલમાં પણ આવકવેરા વિભાગ ત્રાટક્યું હતું. હાલ જામનગર, માળીયા અને અમદાવાદ કોર્પોરેટ ઓફિસમાં દરોડા પાડવામાં આવ્યા હતા. બરોડાના પ્રથમ દિવસે જ આવકવેરા વિભાગને 300 કરોડના બેનામી વ્યવહારો મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે એટલું જ નહીં પ્રથમ દિવસે જ સાત જેટલા લોકર સીલ કરી દેવામાં આવ્યા છે.

દેવ સોલ્ટ ગ્રુપ ઉપર જે કાર્યવાહી કરવામાં આવી તેમાં ૯૦ થી વધુ અધિકારીઓ જોડાયા હતા. રાજકોટ વિંગનું ઓપરેશન હોવાથી જામનગર ખાતે અનેકવિધ ટીમોને બોલાવવામાં આવી હતી સાથોસાથ તપાસની પ્રથમ કલાકમાં જ દસ્તાવેજી પુરાવાઓ મળી આવ્યા છે અને તેનું અવલોકન પણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ દેવ ગ્રુપના માલિકો નું કનેક્શન રાજ્યના મોટા માથા સુધી હોવાની પણ વાત વાયુવેગે વહેતી થઈ છે. ત્યારે આશરે રવિવાર સુધી ચાલનાર આ દરોડામાં અનેક ખુલાસાઓ થાય તેવું હાલ વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે.

દેવ ગ્રુપની અમદાવાદ કોર્પોરેટ ઓફિસ, માળીયા ખાતે આવેલી તેનું સોલ્ટ યુનિટ, જામનગર ખાતે આવેલા તેના અન્ય યુનિટો પર ગઈકાલ વહેલી સવારથી જ તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો હતો જેના પગલે મીઠાના વેપારીઓ સહિત અન્ય વેપારીઓમાં પણ ડર વ્યાપી ગયો હોવાનું પણ સામે આવ્યું છે. રવિવાર સુધી આવકવેરા વિભાગને ખૂબ મોટી કરચોરી મળી આવે તેવું પણ હાલ ચર્ચા રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કંપની દ્વારા ૭૫ ટકા નફાનો ગાળો રાખીને વેપાર કરવામાં આવતો હતો ત્યારે જે બાતમી મળી તે મુજબ આવકવેરા વિભાગના અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી અને યોગ્ય સમય લાગતા જ સરચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તપાસના પ્રથમ દિવસે જ આવકવેરા વિભાગને 300 કરોડના બેનામી વ્યવહારો મળી આવ્યા છે એટલું જ નહીં સાત જેટલા લોકરો પણ સીલ કરવામાં આવ્યા છે જેનો અભ્યાસ કર્યા બાદ હાલ સાચી હકીકત બહાર આવશે.

આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર દેવ ગ્રુપ દ્વારા નાણાકીય લેવડદવડ વધુ તીવ્ર કરતું હોવાની બાકી અધિકારીઓ સુધી પહોંચી હતી જે બાદ તાકીદે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું કારણકે દેવ ગ્રુપ સાથેનું કનેક્શન જામનગર, કચ્છ તથા દેશભરના અનેકવિધ મીઠાના વ્યવસાય સાથે જોડાયેલા લોકો સાથેનું છે ત્યારે આ દરોડામાં અનેકવિધ નવા કનેક્શન પણ સામે આવે તેવું હાલ અધિકારીઓ સૂચિત કરી રહ્યા છે. હાલની સ્થિતિને ધ્યાને લઈ આવકવેરા વિભાગ દ્વારા જે લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો હતો ત્યાં સુધી તેઓ પહોંચી ગયા છે અને રવિવારે સર્ચ ઓપરેશનને પૂર્ણ કરી દેવામાં આવે તેવી પણ શક્યતાઓ હાલ જોવા મળી રહી છે.

તપાસ દરમિયાન વિભાગના અધિકારીઓને અનેકવિધ ડિજિટલ ઉપકરણો પણ મળી આવ્યા છે જેના પર હાલ તપાસ ચાલુ છે અને તેનું અવલોકન અને તેનો અભ્યાસ પણ કરવામાં આવી રહ્યો છે વિભાગના અધિકારીઓનું માનવું છે કે જે ડિજિટલ ઉપકરણનો હાથ લાગ્યા છે તેમાંથી તેઓને ધારી એવી સફળતા મળી શકે છે.

### ૭૫% નફાનો ગાળો રાખી વ્યાપાર કરતા'તા

સર્ચ ઓપરેશનમાં ચોકાવનારી વિગતો જે સામે આવી છે તેમાં કંપની દ્વારા ૭૫ ટકા નફાનો ગાળો રાખી વ્યાપાર કરવામાં આવતો હતો જેની કોઈ ચોપડે નોંધ ન હતી પરંતુ ચોક્કસ બાતમીના આધારે આવકવેરા વિભાગના અધિકારીઓ દ્વારા છાના ખૂણે તપાસ હાથ ધરવામાં આવી અને માલુમ પડ્યું કે દેવ ગ્રુપ ઓફ કંપની દ્વારા ગેરરીતી આચરવામાં આવી રહી છે અને વ્યાપાર કરવામાં આવી રહ્યો છે.

### હવેના સર્ચ ઓપરેશન રહેશે સંપૂર્ણ ગોપનીય

હાલ ચાલી રહેલા દરોડામાં એક વાત એવી પણ સામે આવી છે કે હવે કોઈ પણ સર્ચ ઓપરેશન હાથ ધરવું હોય તો દિલ્હીથી જ પરવાનગી લેવી પડશે એટલે કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસના નેજા હેઠળ અને તેમની પાસેથી પરવાનગી લઈને જ હવે દરોડા પાડવામાં આવશે. બીજી સૌથી મોટી વાત તો એ છે કે સર્ચ ઓપરેશન ને ગોપનીય રાખવા માટે હવે સ્થાનિક ટીમનો ઓછો ઉપયોગ કરવામાં આવશે અને અન્ય શહેરની ટીમોને જ દરોડા ની જવાબદારી સોંપાશે જે હાલ ચાલી રહેલા દેવગ્રુપ ઓફ કંપનીસ પર પણ જોવા મળ્યું. મહત્વનું કારણ તો એ છે કે અત્યારે જે દરોડા પાડવામાં આવ્યા છે તેમાં માત્ર રાજકોટના ત્રણ અધિકારીનો જ સમાવેશ થયો છે બાકીના તમામ અધિકારી અન્ય શહેરના હોવાનું પણ માલુમ પડ્યું છે.





# નવા આવકવેરા બીલને કેબિનેટની મંજૂરી

## સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા

નવીદિલ્હી, તા. ૭

કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે નવા આવકવેરા બિલને મંજૂરી આપી હતી, જે સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ બિલ કરવેરા પ્રણાલીમાં સુધારા માટેના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. નવો કાયદો, જેને ઘણીવાર પ્રત્યક્ષ કર સંહિતા તરીકે ઓળખવામાં આવે છે, તેનો ઉદ્દેશ વર્તમાન કર માળખામાં સુધારો કરવાનો છે, તેને વધુ સુવ્યવસ્થિત અને પારદર્શક બનાવે છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૫ રજૂ કરતા, નાણા પ્રધાન નિર્મલા સીતારમણે એક નવો ડાયરેક્ટ ટેક્સ કોડ લાવવાના સરકારના ઈરાદાની જાહેરાત કરી. આ ખરડો વધુ ચર્ચા અને તેની જોગવાઈઓને સુધારવા માટે સ્થાયી સમિતિને મોકલવામાં આવે તેવી શક્યતા છે. સરકારે પહેલાથી જ સ્પષ્ટતા કરી છે કે આ બિલ કોઈપણ નવા કર લાવશે નહીં અને તે ફક્ત ટેક્સ કાયદાને સરળ બનાવવા, અસ્પષ્ટતાને દૂર કરવા અને કરદાતાઓ માટે અનુપાલનને સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. વધુમાં, મુકદ્દમા ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરતા હાલના કાયદામાં સંખ્યાબંધ સુધારા લાવવાની અપેક્ષા છે. જોગવાઈઓમાંની એકમાં અમુક ગુનાઓ માટે દંડમાં ઘટાડો, કર માળખું ઓછું શિક્ષાત્મક અને કરદાતાઓને વધુ અનુકૂળ બનાવવાનો સમાવેશ થઈ શકે છે. નવા બિલનું એક મહત્ત્વનું પાસું કાયદાકીય ભાષાનું સરળીકરણ હશે, જે સુનિશ્ચિત કરશે કે સામાન્ય કરદાતાઓ પણ ટેક્સની જોગવાઈઓ અને તેની અસરોને સરળતાથી સમજી શકશે.



આ બિલ કરદાતાઓની સુવિધા વધારવા પર કેન્દ્રિત સરકારના દાયકા-લાંબા પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. ૧ ફેબ્રુઆરીના રોજ લોકસભામાં તેમના બજેટ ભાષણ દરમિયાન, નાણાપ્રધાને ટેક્સ વિભાગના ''પ્રથમ વિશ્વાસ, પછી તપાસ'' અભિગમનો ઉલ્લેખ કર્યો, પાલનને સરળ બનાવવા સરકારની સતત પ્રતિબદ્ધતાની ખાતરી આપી. નિર્મલા સીતારમણે કહ્યું કે કરદાતાઓને સમજવામાં સરળતા રહેશે અને ઓછા મુકદ્દમા થશે. ઈઈક્ફૂના મેનેજિંગ પાર્ટનર સંદીપ ચિલ્લાનાએ જણાવ્યું હતું કે આવકવેરા કાયદાનું સંપૂર્ણ પુનર્ગઠન એ એક બોલ્ડ પગલું છે, પરંતુ વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું તે વાસ્તવમાં અનુપાલનને સરળ બનાવશે કે માત્ર જટિલતાઓને ફરીથી ગોઠવશે. જો નવો કાયદો અનુમાનિતતા સક્ષમ કરી શકે છે, વિવાદો ઘટાડી શકે છે અને ટેક્સ વહીવટને સરળ બનાવી શકે છે, તો તે ગેમ-ચેન્જર હશે. જો કે, વ્યવસાયો અને વ્યાવસાયિકો તેના પર નજર રાખશે કે તે કેવી રીતે પૂર્વનિર્ધારિત કરવેરા, જટિલ મુક્તિ અને મુકદ્દમા-ભારે જોગવાઈઓ જેવા વારસાના મુદ્દાઓને સંભાળે છે. આ સુધારાની સફળતા તેના પર નિર્ભર રહેશે કે તે કરદાતા-મૈત્રીપૂર્ણ અભિગમ સાથે આવકની જરૂરિયાતોને કેટલી અસરકારક રીતે સંતુલિત કરે છે.

# વધુ ૪૮૭ ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને અમેરિકાથી દેશનિકાલ કરાશે

નવીદિલ્હી, તા. ૭

ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ શુક્રવારે કહ્યું કે અમેરિકાએ ભારતને ૪૮૭ સંભવિત ભારતીય નાગરિકો વિશે માહિતી આપી છે જેમને હટાવવાના આદેશો જારી કરવામાં આવ્યા છે. મિસરીના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિઓને યુએસમાંથી દેશનિકાલનો સામનો કરવો પડી શકે છે. વિદેશ સચિવે એક પ્રેસ બ્રીફિંગ દરમિયાન આ અપડેટ આપ્યું હતું અને ખાતરી આપી હતી કે ભારત સરકાર ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ તરીકે જોવા મળતા ભારતીયોની સુરક્ષિત પરત ફરવાની સુવિધા માટે ટ્રમ્પ વહીવટીતંત્રના સંપર્કમાં છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે અમારા ધ્યાન પર આવતા દુરુપયોગના કોઈપણ કેસ અમે ઉઠાવવાનું ચાલુ રાખીશું. ગેરકાયદેસર ઈમિગ્રેશનને પ્રોત્સાહન આપતી અંતર્ગત ઈકોસિસ્ટમ સામે સિસ્ટમ-વ્યાપી પગલાં લેવા જોઈએ.

નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયે શુક્રવારે જાહેરાત કરી હતી કે, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે તેમની યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળશે. ભારતના ટોચના કારકિર્દી રાજદ્વારી વિક્રમ મિસરીએ પત્રકારોને જણાવ્યું હતું કે મોદી, જે ૧૨-૧૩ ફેબ્રુઆરીએ વોશિંગ્ટનની મુલાકાત લેશે, ''રાષ્ટ્રપતિ ટ્રમ્પના ઉદઘાટન પછી યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાત લેનારા પ્રથમ કેટલાક વિશ્વ નેતાઓમાંના એક હશે''. મિસરીએ જણાવ્યું હતું કે આ મુલાકાત નવા વહીવટીતંત્રને પરસ્પર હિતના તમામ ક્ષેત્રોમાં સામેલ કરવાની એક મૂલ્યવાન તક હશે,

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
કાર લોન
વ્યાજદર ૮%



મોર્ગેજની જરૂર નહિ | ફિક્સ વ્યાજદર | ઝીરો પ્રિ-ક્લોઝર-પાર્ટ પેમેન્ટ ચાર્જીસ
કારની કિંમત રૂા. ૧૦ લાખ હોય ૭ વર્ષની લોન હોય તો અન્ય કરતા રૂા. ૪૨ હજારથી વધુનો ચોખ્ખો નફો
સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક PROUDLY CO-OPERATIVE સહકારથી સમૃદ્ધિ

ગામને ગમે તેમ કરીને છેતરી લેનારાઓની કરતૂતો રોજ આવી રહી છે સામેઃ નવા બે કિસ્સા

# હરિભક્ત અને કાપડના વેપારીઓએ કરી ૧૧-૧૧ કરોડની ઠગાઇ

## એનઆરઆઇને રોકાણમાં ડબલની લાલચ દઇ કહેવાતા હરિભક્તે ફસાવી છેતરી લીધાઃ કાપડના વેપારીઓ, દલાલો ખરીદી કરી લીધા બાદ દૂકાનોને તાળા લગાવી છૂ થઇ ગયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૭**

રાજકોટઃ ગામને છેતરીવાની ઘટનાઓ અટકતી જ નથી. લાખો કરોડોનો ગરીયો કરનારા રોજબરોજ કોઇને શિકાર બનાવી લેતાં હોય છે. વધુ બે ઘટનાઓ સામે આવી છે જેમાં એક ઘટનામાં સ્વામિનારાયણના હરિભક્તે એનઆરઆઇને વિવિધ સ્કીમો બતાવી રોકાણ કરવા લલચાવી એક કરોડ ત્રેવીસ લાખનો ચુનો લગાવી દીધો હતો. બીજા બનાવમાં કાપડના વેપારીઓ અને દલાલોએ મળી કાપડ ખરીદી કરી એક કરોડ ત્રેવીસ લાખની ઠગાઇ કરી લીધી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આણંદના મહીસાગરના લુણાવાડાના વતની અને કેનેડાના સિટીઝનને ટુંક સમયમાં રૂપિયા બમણા કરવાની લોભામણી લાલચ આપીને સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્યાનગરના હરિભક્તે રૂ.૧.૨૩ કરોડની છેતરપિંડી આચરી લીધી છે. માથે જતાં એનઆરઆઈને જાનથી મારી નાખવાની ધમકી પણ અપાઇ હતી. વિદ્યાનગરના ગઠિયા સાથે એનઆરઆઈને વર્ષ ત્રણ વર્ષ પહેલા વડોદરાના હરિધામ સોખડા ખાતે મુલાકાત થઈ હતી. મહીસાગરના લુણાવાડાના દલુખડિયાના વતની અને કેનેડાના સિટીઝન બનેલા સુડતાલીસ વર્ષના કલ્પેશકુમાર કાંતિલાલ પટેલ મીસીસાગા શહેરમાં એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ ચલાવે છે. ત્રણ વર્ષ પહેલાં તેઓ વડોદરાના હરિધામ સોખડા ખાતે ગયા હતા જ્યાં તેમની મુલાકાત મિલનકુમાર ઉર્ફે નિ?િત મનુભાઈ પટેલ (રહે. તુલસી એલિગન્સ, વિદ્યાનગર) સાથે થઈ હતી.

ત્યારે મિલને કલ્પેશને જણાવ્યું હતું કે તે અઢાર વર્ષ જેટલો સમય સ્વામિનારાયણ સંપ્રદાયના હરિપ્રસાદ સ્વામી સાથે સહિષ્ણુ સેવક તરીકે રહેલો છે અને વિદ્યાનગરના રેલવે સ્ટેશન રોડ પર સરદાર પટેલ સ્ટેચ્યૂ પાસે આવેલા નેપ્ચુન સ્કવેરમાં પ્રબોધમ ઈન્ટરનેશનલ નામથી રીયલ એસ્ટેટ, કોસ્મેટિક પ્રોડક્ટ અને વિઝા કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે. તેમજ મારી પાસે ટુંક સમયમાં રૂપિયા બમણા થાય તેવા રોકાણના વિવિધ -કલ્પો છે. જેથી કલ્પેશે વિશ્વાસમાં આવીને રૂ.૨૩ લાખ રોકડ આપ્યા હતા. ત્યારે મિલને રૂ.૨૩ લાખ રોકડના બદલામાં સિક્યુરીટી પેટે કરમસદમાં આદિત્ય હાર્મની એપાર્ટમેન્ટમાં મારી મમ્મી જયાબેન મનુભાઈ પટેલના નામનો તથા અમારા ઓળખીતા અમિતાબેન દિપકભાઈ દેસાઈના ફલેટનો દસ્તાવેજ કરી આપું છું તેમ જણાવ્યું હતું. જેના બદલામાં કલ્પેશ પાસેથી ચાર કોરા ચેકના ફોટો મંગાવ્યા હતા.




બાદમાં બંને ફલેટના દસ્તાવેજ કરી આપ્યા હોવાનું અને રૂપિયા રોકાણ કરીને સારા એવા પ્રોફિટ અપાવું ત્યારે ફલેટના દસ્તાવેજ કેન્સલ કરવા જણાવ્યું હતું. બાદમાં એક કરોડ રૂપિયાનું રોકાણ કરો તો એક વર્ષમાં મૂડી પાછી મળશે અને ૧૨થી ૧૮ મહિનામાં એક કરોડ જેવો વધારાનો પ્રોફિટ થશે તેમ જણાવ્યું હતું. મિલન હરિભક્ત હોવાથી કલ્પેશે વિવિધ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. ૧,૩૦,૭૨,૫૦૦ આપ્યા હોવાનો એફઆઈઆરમાં ઉલ્લેખ કરાયો છે. સમયમર્યાદા પૂરી થતાં કલ્પેશે નાણાં માંગતા મિલને રૂ.૭.૫૦ લાખ રોકડ પરત મોકલી હતી. બાકીના પૈસા સ્કીમમાં રોકણ કર્યા હોવાથી ત્યાંથી પરત આવે એટલે આપવાના બહાના બનાવ્યા હતા. જોકે, કલ્પેશે વિદ્યાનગર ખાતે જઈને મિલન પાસેથી નાણાં પરત માંગતા મિલને જણાવ્યું હતું કે, તમને જે બે ફલેટના દસ્તાવેજ કરી આપ્યા છે, તેમાં તમારા ચેકના ઉલ્લેખ કર્યા છે, તેના પૈસા હજૂ સુધી મકાન માલિકોને મળ્યાં નથી.

ત્યારબાદ તેણે તમે કોઈ ચેક આપ્યા વિના ફલેટનો દસ્તાવેજ કરાવી લીધો છે તેમ કહી ખોટો કેસ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં શખ્સેં સ્વહસ્તાક્ષર કરી નાણાં ચૂકવી દેવાનો વાયદો કર્યો હતો. પરંતુ હજૂ સુધી નાણાં પરત ન કરતા કલ્પેશ પટેલે વિદ્યાનગર પોલીસ મથકે મિલન ઉર્ફે નિશ્ચિત પટેલ વિરૂધ્ધ ૧.૨૩ કરોડની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવી હતી.

ઠગાઈની બીજી ઘટનામાં સુરતના ઉધના સ્થિત ગોવિંદ નગર ઈન્ડસ્ટ્રીયલમાં આવેલી રઘુવીર ટેક્સટાઇલ્સના માલિક સાથે મોટો આર્થિક છેતરપિંડી કાંડ બહાર આવ્યો છે.

કાપડ દલાલ અને વેપારીઓની સંડોવણી દ્વારા ગ્રે કાપડ અને જરી પટ્ટાનો રૂપિયા ૧.૨૩ કરોડનો માલ ખરીદી લીધા બાદ પેમેન્ટ ચૂકવ્યા વિના દુકાન અને ઓફિસ બંધ કરી ઉઠમણું કરવાના આ કેસમાં લિંબાયત પોલીસે ગુનો દાખલ કર્યો છે. અલથાણ કેનાલ રોડ પાસે રહેતા સુડતાલીસ વર્ષીય રીશીકુમાર અશ્વિનભાઈ પટેલ, જેઓ રઘુવીર ટેક્સટાઇલ ફર્મના માલિક છે, તેમની ફરિયાદ મુજબ શંકર ઉર્ફે વિજયલાલ ચંપકલાલ છાજેડ નામના કાપડ દલાલે તેમના પાસે મોટા પાર્ટી વેચાણની ખાતરી આપીને વિશ્વાસમાં લીધા હતા.

ત્યારબાદ શંકર છાજેડે તેમની ઓળખાણના નાણાંકીય રીતે મજબૂત ગણાતા વેપારીઓ સાથે વ્યવહાર કરવાનું કહી, રીશીકુમારને પોતાનાં ગ્રાહકો સાથે મુલાકાત કરાવી હતી. આ વેપારીઓએ પણ પૈસા સમયસર ચૂકવવાની ખાતરી આપી, જેના આધારે રીશીકુમાર પટેલે તેમને કાપડ સપ્લાય કર્યો હતો. કાપડ દલાલ શંકર છાજેડના સંકેત અને સલાહ મુજબ, આ ઠગો વેપારીઓએ રીશીકુમાર પટેલ પાસેથી ચંદેરી ગ્રે કાપડ અને ડોલા જરી પટ્ટાનો માલ ખરીદ્યો. વેપારીઓમાં પરેશકુમાર રાવલ (શ્રીનાથ ફેબ્રિક્સ), સુજીત પાંડે (જય માંકાલી એન્ટરપ્રાઈઝ), કિશનલાલ ચાંડક (કુલદેવી ક્રિએશન), રમેશકુમાર શરાફ (રાધિકા ટેક્સટાઇલ), રાજન (માહી ટેક્સટાઇલ્સ), ચીરાગ -જાપતિ (શુભમ ફેશન), અમીત પટેલ, પ્રકાશ પટેલ (જી.એસ. એન્ટરપ્રાઇઝ) અને મહેન્દ્ર (કિરણ ટેક્સ ફેબ) સામેલ છે.

વધુ માહિતી અનુસાર આ વેપારીઓએ કાપડ ખરીદી માટે અનેક ચેક આપ્યા હતા, પરંતુ બધા જ ચેક રિટર્ન થયા. જ્યારે રીશીકુમાર પટેલે વારંવાર પેમેન્ટની ઉઘરાણી કરી, ત્યારે આરોપીઓએ નાણાં ચૂકવ્યા વગર પોતાની દુકાનો અને ઓફિસો બંધ કરી ગાયબ થઈ ગયા. કુલ મળતા રૂ.૧,૨૩,૫૯,૨૨૬ના બાકી ચૂકવણી ન થતાં રીશીકુમારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

લિંબાયત પોલીસ સ્ટેશને રીશીકુમાર પટેલની ફરિયાદના આધારે કાપડ દલાલ શંકર છાજેડ અને નવ વેપારીઓ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે તપાસ શરૂ કરી હતી.

PACS કમ્પ્યુટરાઈઝેશન યોજના 'સહકારથી સમૃદ્ધિ' વિઝન થઈ રહ્યું છે સાકાર

# રાજ્ય સરકાર PACS દીઠ આપી રહી છે ₹૪ લાખની નાણાંકીય સહાય

## ગુજરાતમાં પ્રથમ તબક્કામાં ૫,૭૫૪ PACS કમ્પ્યુટરાઈઝેશન હેઠળ, ૨,૯૦૦થી વધુ ટૂંક સમયમાં થશે લાઈવ

રાજકોટ, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા માટે કેન્દ્ર સરકારે વિવિધ સહકારી પહેલો દ્વારા ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહના નેતૃત્વ હેઠળ સહકાર વિભાગનો મુખ્ય ઉદ્દેશ દેશમાં સહકારી પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવી, દરેક ગામ સુધી આ પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવો તથા સહકાર આધારિત ઈકોનોમીનું એક એવું મોડલ તૈયાર કરવાનો છે, જેમાં સહકારી સંસ્થાનો દરેક સભ્ય જવાબદારીની ભાવના સાથે સક્રિયપણે યોગદાન આપે. આ ઉદ્દેશને ચરિતાર્થ કરવા માટે કેન્દ્ર સરકારની PACS કમ્પ્યુટરાઈઝેશન યોજના મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

સહકાર મંત્રાલયે તમામ પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓને એક યુનિફાઈડ એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ પ્લેટફોર્મ પર એકીકૃત કરવા માટે PACS કમ્પ્યુટરાઈઝેશન યોજના અમલમાં મૂકી છે. આ પહેલ પેક્સને રાજ્ય સહકારી બેન્કો અને જિલ્લા કેન્દ્રીય સહકારી બેન્કોના માધ્યમથી રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક સાથે જોડે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા માટે ગુજરાત પ્રતિબદ્ધ છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ ૨૦૨૩-૨૪થી રાજ્યમાં PACS કમ્પ્યુટરાઈઝેશન યોજના અમલમાં મૂકવામાં આવી છે. હાલમાં આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રાજ્યની ૫,૭૫૪ પેક્સમાં કમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયા ચાલી રહી છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થવાની શક્યતા છે. આગામી સમયમાં રાજ્યની તમામ પેક્સને સંપૂર્ણપણે કમ્પ્યુટરાઈઝ કરવામાં આવશે.

પેક્સ કમ્પ્યુટરાઈઝેશન યોજના અંતર્ગત પેક્સને જરૂરી તમામ હાર્ડવેર જેમકે, ડેસ્કટોપ, મલ્ટી-ફંક્શન પ્રિન્ટર્સ (MFPs), ભૌતિક VPN ઉપકરણો, બાયોમેટ્રિક સ્કેનર્સ, વેબ કેમેરા, UPS સિસ્ટમ્સ અને જરૂરી સોફ્ટવેરથી સજ્જ કરવામાં આવી છે. આ ઉપરાંત, PACSના તમામ ડેટાનું ડિજિટલાઈઝેશન કરવામાં આવશે અને એક વ્યાપક સપોર્ટ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે. આ માટે દરેક PACSને આશરે ₹૪ લાખની નાણાંકીય સહાય આપવામાં આવી રહી છે. અત્યારસુધીમાં તમામ PACSને હાર્ડવેરનું વિતરણ કરવામાં આવ્યું છે, જેમાંથી ૨૯૦૦થી વધુ પેક્સ ટૂંક સમયમાં લાઈવ થશે. આગામી છ મહિનામાં, તમામ પેક્સ ઈ-પેક્સ તરીકે કાર્યરત થઈ જશે.પેક્સ કમ્પ્યુટરાઈઝેશનના ફાયદા એ છે કે, તે પેક્સની કામગીરીની ઝડપ, પારદર્શિતા અને જવાબદારી વધારશે તેમજ પેક્સ સ્તરે સભ્યોને આપવામાં આવતી ક્રેડિટ અને નોન-ક્રેડિટ સેવાઓમાં સુધારો કરશે. આ ઉપરાંત, e-PACS દ્વારા નાણાંકીય અનિયમિતતાઓને સમયસર અટકાવી શકાશે, પેક્સ સ્ટાફની કાર્યક્ષમતામાં વધારો થશે, સભ્યો માટે નાણાંકીય સમાવેશ અને વ્યવસાયની તકોનો વ્યાપ વધશે તથા આંગળીના એક જ ટેરવે તમામ માહિતી ઉપલબ્ધ થઈ શકશે.

# યાત્રાધામ માટે ૪૭ લાખથી વધુ યાત્રાળુઓએ લીધો રોપ-વેનો લાભ

## ચાર વર્ષમાં ૩૦ લાખથી વધુ પ્રવાસીઓએ ગિરનાર રોપ-વેની સુવિધાનો લાભ લીધો

## ગિરનાર, પાવાગઢ અને અંબાજી ખાતે યાત્રાળુઓ ઉડનખટોલાની સુવિધા ઉપલબ્ધ

રાજકોટ, તા. ૭

દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. રાજ્યમાં ગિરનાર,પાવાગઢ અને અંબાજી ખાતે પર્વતો પર આવેલા યાત્રાધામો સુધી પહોંચવા ગત વર્ષે ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ સલામત રીતે ઉડનખટોલાનો આનંદ માણ્યો છે,જેમાં જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન, પાવાગઢમાં ૨૪.૪૭ લાખથી વધુ પ્રવાસીઓએ, ગિરનારમાં ૭.૫૭ લાખથી વધુ જ્યારે અંબાજી રોપ-વેનો ૧૫.૫૯ લાખથી વધુ એમ કુલ ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ રોપ-વેની સેવાનો લાભ લીધો છે. જે ગુજરાતના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોની લોકપ્રિયતા દર્શાવે છે. આ યાત્રાળુઓના આગમનથી આ વિસ્તારના યુવાઓને સારા પ્રમાણમાં રોજગારી પણ ઉપલબ્ધ થઇ રહી છે. ગુજરાતના ઐતિહાસિક શહેર જૂનાગઢમાં આવેલો ગિરનાર રોપ-વે એન્જિનિયરિંગનો એક અસાધારણ પરાક્રમ સાથે જ આધ્યાત્મિકતા અને કુદરતી વૈભવનો પ્રવેશદ્વાર છે.૨.૩ કિલોમીટર લાંબો આ રોપ-વે વિશ્વના સૌથી લાંબા રોપ-વેમાંથી એક છે, જે ગિરનાર પર્વતોની જમીનથી ૩,૬૬૦ ફૂટની ઊંચાઈએ આવેલા પવિત્ર માં અંબાજીના મંદિર સાથે જોડે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઓક્ટોબર ૨૦૨૦માં આ રોપ-વેનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ ચાર વર્ષ દરમિયાન ૩૦ લાખથી વધુ મુલાકાતીઓએ રોપ-વેની આ સેવાનો આનંદ માણી સલામત,અનુકૂળ અને અવિસ્મરણીય મુસાફરીનો અનુભવ કર્યો છે. રોપ-વેના ૩૧ આધુનિક કેબિન પ્રતિ કલાક ૧,૦૦૦ મુસાફરોનું પરિવહન કરે છે,જેમાં ૦૯ મિનિટની આ આકર્ષક રાઈડ ભવ્ય ગિરનાર પર્વતોના મનોહર દશ્યો દર્શાવે છે. ગિરનાર પર્વતો અનેક પવિત્ર મંદિરોનું નિવાસસ્થાન છે. જેમાં ગુરુ દત્તાત્રેય મંદિર, ગોરખનાથ મંદિર અને ઐતિહાસિક જૈન મંદિરોનો સમાવેશ થાય છે. રોપ-વે પાયાથી ૫,૦૦૦ પગથિયાં ઉપર સ્થિતમાં અંબાજી મંદિર સુધી યાત્રાળુઓને સરળતાથી પહોંચવાની સુવિધા આપે છે,જેનાથી મુશ્કેલ ચઢાણની દુવિધા દૂર થાય છે અને તે યાત્રાળુઓ અને પ્રવાસીઓ બંને માટે એક આદર્શ પસંદગી બન્યું છે. ચોમાસાની ઋતુમાં મુલાકાતીઓ ગિરનારના પર્વતો પર ફરવાનો વધારે આનંદ માણે છે,જ્યાં વાદળો પરિભ્રમણ કરે છે અને પ્રકૃતિનું મનોહર સૌંદર્ય જોવા મળે છે. આ સાથે જ નવરાત્રી, જન્માષ્ટમી અને શ્રાવણ માસમાં પણ ગિરનારમાં યાત્રાળુઓનો વધુ ધસારો જોવા મળે છે. સોમનાથ મંદિર અને ગીર સિંહ અભયારણ્યની નિકટતા તેને સંપૂર્ણ સાંસ્કૃતિક અને કુદરતી અનુભવ મેળવવા માંગતા પ્રવાસીઓ વચ્ચે આ સ્થળ વધારે લોકપ્રિય બન્યું છે. વધુમાં ગિરનાર,પાવાગઢ અને અંબાજી રોપ-વે દરેકમાં વેઈટિંગ હોલ,ફૂડ કોર્ટ, ફેમિલી એન્ટરટેનમેન્ટ સેન્ટર, ફર્સ્ટ એઈડ સર્વિસ, વ્હીલચેર, લોકર,પીવાનું પાણી,શૌચાલય અને માતૃ સંભાળ કક્ષ જેવી વિવિધ અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે. ગિરનાર રોપ-વે સવારે ૦૭ થી સાંજે ૦૫ કલાક સુધી,પાવાગઢ રોપ-વે સવારે ૦૬ થી સાંજે ૦૫:૪૫ કલાક સુધી જ્યારે અંબાજી રોપ-વે સવારે ૦૭ થી સાંજે ૦૬ કલાક સુધી યાત્રીઓ માટે ચાલુ રહે છે. યાત્રીઓને સાંસ્કૃતિક અનુભવ થાય તે માટે ડિસેમ્બરથી માર્ચ દરમિયાનનો સમય શ્રેષ્ઠ હોય છે. આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓને ટિકિટ્સ પર ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવે છે.

એક વેપારીને હોમ સાઇઠ લાખની હોમ લોન લેવી હતી, બીજા વેપારીને ધંધા માટે રૂપિયાની જરૂર હતીઃ બંને છેતરાયા

# હોમ લોન અને મુદ્રા લોનના નામે ૯-૯ લાખના બે ફ્રોડ!

## એક કિસ્સામાં બેંકના મેનેજરે જ ગરીયો ફેરવ્યો માથે જતાં ધમકી દીધાઃ બીજામાં કહેવાતા એજન્ટે લોન પાસ તો કરાવી પણ પોતાના ખાતામાં લઇ લીધીઃ વેપારીને હપ્તાનો મેસેજ આવતાં છેતરાયાની જાણ થઇ

રાજકોટઃ રાજ્યમાં જેટલા ઓનલાઇન ફ્રોડ થાય છે તેટલા જ ઓફલાઇન ફ્રોડ પણ થઇ રહ્યા છે. એટલે કે ગઠીયાઓ રૂબરૂ જ જે તે લોકોને મળે છે અને પોતાની જાળમાં ફસાવે છે. અલગ અલગ આંબા આંબલી બતાવીને પછી ગરીયો કરી નાખે છે. બે એક સરખી ઠગાઇની ઘટનામાં એક વેપારીને સાંઇઠ લાખની હોમ લોન કરાવી આપવાના બહાને તેની સાથે ચાર ગઠીયાઓએ નવ લાખ ચાલીસ હજારની ઠગાઇ કરી છે. બીજા એક કિસ્સામાં એક વેપારીને કેન્દ્ર સરકાર તરફથી મળતી મુદ્રા લોન અપાવી દેવાના બહાને એજન્ટે નવ લાખની ઠગાઇ કરી છે.







પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ વડોદરામાં બન્યો છે. વેપારીને મકાન ખરીદવા સાઇઠ લાખની લોન કરાવવાના બહાને ચાર ગઠીયાઓએ લોન કરાવી આપવા રૂા.૯.૪૦ લાખ પડાવી લીધા બાદ વેપારીના ઘેર જઈને જાતી વિષયક અપમાનજનક વાકચો બોલીને દિકરાઓને ઉઠાવી લેવાની ધમકી આપતા ગોરવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. સુભાનપુરાની જય ગણેશ સોસાયટીમાં રહેતા મહેન્દ્રભાઈ વસાવા ગોરવા આઈ.ટી.આઈ સામે આવેલા જીવાભાઈ પાર્ક કોમ્પલેક્ષમાં ખુશી એન્ટરપ્રાઈઝ નામથી વેપાર કરે છે. મહેન્દ્રભાઈને મકાન ખરીદવાનું હોવાથી તેમને રૂા.૬૦ લાખની લોન કરાવવી હતી.

આ માટે તેમને સી.ડી.બીમાં કસ્ટમ મેનેજર પ્રણવ ચતુરભાઈ પટેલને વાત કરી હતી. જેથી પ્રણવે લોન માટે રૂા.૧૦ લાખનો ખર્ચ થશે આ રૂપિયા ઉપરના અધિકારીઓને આપવા પડશે તેમ જણાવ્યું હતું. આ સાથે પ્રણવે ચિરાગ રાજપુત (સાંગાડોળ, વાઘોડિયા), રોહન પટેલ અને પરેશની લોન મંજુર કરાવનાર અધિકારીની ઓળખ આપીને તેમની સાથે મહેન્દ્રભાઈનો સંપર્ક કરાવી આવ્યો હતો. વેપારીએ લોન કરાવવા માટે ચિરાગ રાજપુતને રૂા.૨ લાખ, ત્યારબાદ રોહન પટેલને રૂા.૧.૮૦ લાખ મળી ટુકડે ટુકડે કુલ રૂા.૯.૪૦ લાખ આપ્યાં હતાં. લોન મંજૂર નહી થતાં વેપારીએ રૂપિયા પરત માંગતા પ્રણવ પટેલ ચેતન પટેલે વધારાના રૂા.૩.૫૦ લાખની માંગણી કરી હતી. પરંતુ વેપારીએ રૂપિયા આપવાની ના પાડતા ચેતન અને પ્રણવે વેપારી અને તેમના પત્નિ સાથે ઝઘડો કરી જાતીને અપમાનીત કરી પુત્રોને ઉઠાવી લેવાની ધમકી આપતાં ફરિયાદ કરી હતી.

લોનના નામે ઠગાઇનો આવો જ બીજો કિસ્સો અમદાવાદમાં બન્યો છે. શહેર કે ગામ કોઈપણ હોય આ પ્રકારની ઠગાઇ ગમે તેની સાથે બની શકે છે. વિગતો જોઇએ તો કેન્દ્ર સરકાર તરફથી વેપારીઓને મળતી મુદ્રા લોન અપાવવના અધિકૃત એજન્ટ તરીકે પોતાની ઓળખાણ આપી ગઠીયાએ એક વેપારી સાથે ઠગાઈ કરી હતી. જેમાં વેપારીના નામે રૂ.૯.૩૮ લાખની લોન મંજુર કરાવી તે લોનની રકમ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. જો કે વેપારીને બેંકમાંથી હપ્તાની રકમ વ્યાજ અને પેનલ્ટી સાથે ભરવાના મેસેજ અને ફોન આવતા હોવાથી તેને જાણ થતા તેણે આ અંગે પોલીસ ફરિયાદ કરી હતી.

ચાંદખેડામાં રહેતા મોઈન નાંદોલિયા કોસ્મેટિકનો વ્યવસાય કરે છે, તેમને ધંધા માટે રૂ. દસ લાખની મુદ્રા લોન લેવાની હોવાથી લોનનું કામ કરતા એજન્ટ દિલીપ મલ્લાહને મળ્યા હતા.

એજન્ટ દિલીપે લોન માટે જરૂરી ડોક્યુમેન્ટ્સ લઈ પ્રોસેસ કરતા રૂ. ૯.૩૮ લાખની લોન મંજૂર થઈ હતી, પરંતુ કોસ્મેટિકની સામગ્રી મોઈનને મળી ન હતી. જ્યારે બીજી બાજું લોનનો રૂ. ૧૬,૫૫૫નો માસિક હપતો કપાવવાનો શરૂ થઈ ગયો હતો. બે હપ્તા ભર્યા બાદ મોઈને હપ્તા ભરવાની ના પાડતા સિબિલ સ્કોર બગડશે કહી દિલીપે ત્રણ હપ્તા ભરી આપ્યા હતા. આ દરમિયાન જ દિલીપે મોઈનના એકાઉન્ટમાંથી લોનના રૂ. ૯.૩૮ લાખ પોતાના એકાઉન્ટમાં મેળવી લીધા હતા. જેથી મોઈનને વ્યાજ પેનલ્ટી સાથે હપ્તા ભરવા બેન્કમાંથી જાણ થતા તેણે દિલીપ વિરૂધ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આમ એક જ સરખા નુસ્ખાઓથી બે લોકો સાથે નવ નવ લાખથી વધુની ઠગાઇ થઇ ગઇ હતી. આવા ગઠીયાઓથી ચેતતા રહેવું ખુબ જરૂરી છે.

### સોશિયલ મિડીયાનો સતત વધી ગયેલો દુરૂપયોગઃ વધુ એક પરિણીતા ફસાઇ ગઇ

# ફેસબૂકીયા ફ્રેન્ડે દૂષ્કર્મ આચર્યુંઃ લાખોની માલમત્તા પણ પડાવી!

## લગ્ન પછી સ્કૂલમાં સાથે ભણતા શખ્સે ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલીઃ પછી ઉછીના માંગ્યાઃ રકમ પાછી લઇ જવા બોલાવી પરિણીતા સાથે બળજબરી આચરી વિડીયો બનાવ્યોઃ બ્લેકમેઇલ કરી પંદર લાખ રોકડા, પચ્ચીસ તોલા સોનુ પડાવ્યું

રાજકોટઃ સોશિયલ મિડીયાનો દુરૂપયોગ કરી અનેક લેભાગુઓ સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓને મિત્ર બનાવી બાદમાં પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મ આચરી લેતાં હોવાના અને બ્લેકમેઇલ કરી આર્થિક શોષણ પણ કરતાં હોવાના કિસ્સા રોજીંદા થઇ ગયા છે. લાલબત્તી સમાન વધુ એક ઘટના સામે આવી છે જેમાં એક પરિણીતા સાથે એક લેભાગુએ તેના જુના સ્કૂલ ફ્રેન્ડે હવે પરણ્યા પછી ફેસબૂક થકી સંપર્ક કરી તેણીને પોતાની મોહજાળમાં ફસાવી મિત્રતા બાંધી હતી, પછી પ્રેમની જાળમાં ફસાવી જબરદસ્તી શારીરિક સંબંધ બાંધી તેના વિડીયો બનાવી બ્લેકમેઇલ કરી અવાર-નવાર દૂષ્કર્મ આચરવાની સાથે સાથે પંદર લાખ રોકડા પચ્ચીસ તોલા સોનુ પણ પડાવી લીધા હતાં. વાત હદ બહાર જતી રહેતાં પરિણીતાએ પરિવારને અને પોલીસને જાણ કરતાં આ હવસખોર કહેવાતા મિત્રની ધરપકડ થઇ હતી.

ચોંકાવનારી અને લાલબત્તી સમાન આ ઘટના પર નજર કરીએ તો વધુ એક વખત ફેસબુકીયા ફ્રેન્ડે શોષણ કર્યુ હોવાની વિગતો સામે આવી છે. પરિણીતા સાથે ફેસબૂક પર મિત્રતા કર્યા પછી આરોપીએ જબરજસ્તીથી શારીરિક સંબંધ બાંધી તેના વીડિયોના આધારે બ્લેકમેલ કરી રોકડ દાગીના પડાવ્યા છે. વડોદરાની આ ઘટનામાં પાંત્રીસ વર્ષની પરિણીતાએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, અઢાર વર્ષ અગાઉ હું અભ્યાસ કરતી હતી. ત્યારે વિરલ અરવિંદભાઇ પટેલ સાથે પરિચય થયો હતો. ત્યારબાદ અમારી વચ્ચે કોઇ કોન્ટેક્ટ નહતો. એ પછી ફેસબૂક પર વિરલે મને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હતી. મેં રિક્વેસ્ટ એક્સેપ્ટ કરી હતી. ત્યારબાદ અમારી વચ્ચે વોટ્સએપ પર પણ વાતચીત થતી હતી. તેણે મને જણાવ્યું હતું કે,મારા ઘરમાં ખૂબ જ ખરાબ પરિસ્થિતિ છે. હું ખરાબ આર્થિક પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છું. અત્યારે મારે પૈસાની ખૂબ જરૂરિયાત છે. ખેતીની લોન પણ ભરવાની છે. મારે ૩૬ હજારની જરૂરિયાત છે.

તેની આ વાત સાંભળી મેં તેના એકાઉન્ટમાં ૩૬ હજાર ટ્રાન્સફર કર્યા હતા. એ પછી કુલ ૮૨ હજાર ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં વિવરલે મને જણાવ્યું હતું કે મારી પાસે પૈસાની વ્યવસ્થા થઇ ગઇ છે. તું આવીને લઇ જા. તેણે મોકલેલા લોકેશન પર હું બિલ રોડ અરોમા પાર્ક પાસે નવી બંધાતી સાઇટ પર ગઇ હતી. સેમ્પલ હાઉસ બતાવવાના બહાને તે મને પહેલા માળે લઇ ગયો હતો. જ્યાં તેણે મારી સાથે જબરજસ્તી કરી હતી. બીજા દિવસે વિરલે મને કહ્યું કે, મારી પાસે શરીર સંબંધ બાંધતા સમયનો વીડિયો છે. તેણે પૈસાની માંગણી કરી ધમકી આપી હતી કે, તું પૈસા નહીં આપે તો હું વીડિયો વાયરલ કરી દઇશ. મેં મારા તથા મારી બહેનના દાગીના ગીરવે મૂકી આઠ લાખ ટ્રાન્સફર કર્યા હતા.

તેમજ બીજા સાત લાખ સગા સંબંધીઓ પાસેથી મેળવીને આપ્યા હતા. ત્યારબાદ પણ તેણે પૈસાની માંગણી કરી ધમકી આપવાનું ચાલુ રાખતા મેં મારી બહેનનું આશરે ૨૫ તોલા સોનુ વિરલને આપ્યું હતું. તે દરમિયાન હોટલમાં બોલાવી તેણે મારી સાથે જબરજસ્તીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા. અટલાદરા પોલીસે આરોપી વિરલ અરવિંદભાઇ પટેલ (રહે. જલારામ સોસાયટી, પાદરા) ની ધરપકડ કરી રૂપિયા અને સોનુ રિકવર કરવા માટેના પ્રયાસો હાથ ધર્યા છે.







### બીજા કિસ્સામાં દૂષ્કર્મના ગુનામાં જામીન પર છુટી ફરીથી ઢગાએ હવસખોરી આચરી!

બીજા એક ચોંકાવનારા કિસ્સામાં સગીરા સાથે દુષ્કર્મ ગુજારવાના ગુનામાં કોર્ટમાંથી જામીન મેળવ્યા બાદ ફરી સગીરાને ફસાવી દુષ્કર્મનો ગુનો આચરતા આખરે વાઘોડિયા તાલુકાના વેડપુર ગામના યુવાનના જામીન કોર્ટે રદ કરી દીધા હતાં. આ અંગેની વિગત એવી છે કે વાઘોડિયા તાલુકાના વેડપુર ગામે કુવાવાળા ફળિયામાં રહેતા અલ્પેશ રમણભાઇ ચૌહાણે એક સગીરાને ફસાવી તેના પર દુષ્કર્મ ગુજારતા અલ્પેશ ચૌહાણ સામે ઓક્ટોબર-૨૦૨૪માં જરોદ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતા પોલીસે તેની ધરપકડ કરી હતી. થોડા સમય બાદ કોર્ટે તેને એવી શરત પર જામીન આપ્યા હતાં કે છૂટયા બાદ આ -કારનું કૃત્ય ફરી નહી કરે.

પરંતુ જેલમાંથી છૂટીને ફરીથી તેણે સગીરા પર દુષ્કર્મ કરતાં તે અંગે પાવાગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઇ હતી.

આમ જે કારણ આપી અલ્પેશ ચૌહાણે જામીન મેળવ્યા હતાં તે જ ગુનો ફરી આચરતા પોલીસ દ્વારા તેના જામીન રદ કરવા માટે સાવલીમાં એડિશનલ અને સેશન્સ કોર્ટના ન્યાયાધીશ જે.એ. ઠક્કરની કોર્ટમાં ફોજદારી પરચૂરણ અરજી કરવામાં આવતા કોર્ટે અલ્પેશ ચૌહાણના જામીનનો હુકમ રદ કરી દીધો હતો. આ કિસ્સાએ પણ ભારે ચકચાર જગાવી છે.

# સોલિડ વેસ્ટ વિભાગના ૨૯ અધિકારીઓની બદલી પર રોક

## રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ આવી ઘટના : મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેને મ્યુનિસિપલ કમિશનર સાથે કરી વાતચીત

રાજકોટ, તા. ૭

થોડા દિવસ પૂર્વે જ રાજકોટ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ વિભાગમાં ૨૯ અધિકારીઓની જુદા જુદા વોર્ડમાં બદલી કર્યાનો હુકમ થયો હતો

જેને ગણતરીના ૨૪ કલાકમાં જ તે હુકમને સ્થગિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે ત્યારે આ રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસની પ્રથમ એવી ઘટના હશે કે આ પ્રકારે કોઈ બદલીના ઓર્ડર અટક્યા હોય. આ અંગે જ્યારે મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોને પદાધિકારીઓને જાણ થઈ ત્યારે ખુદ મેયર નયનાબેન પેઢડીયા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઇ ઠાકરે મ્યુન્સીપલ કમિશનરને રૂબરૂ મળી આ અંગે વાતચીત કરી હતી ત્યારબાદ જે તમામ હુકમો છે તેને સ્થગિત કરી અગાઉની સ્થિતિએ ફરજ બજાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

અત્યારે મહાનગરપાલિકાના સંબંધ વિભાગના સૂત્રો અને તજજ્ઞોના જણાવ્યા અનુસાર એ વાત સ્પષ્ટ થઈ રહી છે કે હાલ જે પગલાં લેવામાં આવ્યા તે કયા કારણસર લેવામાં આવ્યા છે તેનો કોઈ અંદાજો નથી કારણકે ચાર

**બદલાયેલા તમામ કર્મચારી તથા અધિકારીઓને નિર્ધારિત વોર્ડમાં ફરજ બજાવવા થયો હુકમ**

મહિના પહેલાં જ સોલિડ વેસ્ટ વિભાગમાં આ પ્રકારની બદલીની કામગીરી કરવામાં આવી હતી ત્યારે તાકીદે ૨૯ અધિકારીઓ અને કર્મચારીઓને બદલી કરવામાં આવતા ક્યાં તંત્રની કામગીરી સામે પ્રશ્ન ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ ચાર મહિના પૂર્વે તત્કાલીન મ્યુનિ કમિશનર દેવાંગ દેસાઈએ જુજ અધિકારીઓની પસંદગી મુજબની જગ્યાએ બદલી કરી હતી એટલું જ નહીં ત્રણથી દસ વર્ષ સુધી એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારી તથા અધિકારીઓને પણ બદલી નાખવામાં આવ્યા હતા અને આ બદલીને આજે ચાર માસનો સમય વ્યક્ત થયો છે તે અરસામાં ફરી એક વખત નવનીત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ બદલી કરતા મામલો ગરમાયો હતો.

તજજ્ઞોનું માનવું છે કે જ્યારે બદલીઓ કરવામાં આવે ત્યારે પૂર્વ અધિકારીઓ સાથે સંકલન કરવામાં આવતું હોય છે પરંતુ સ્ટેન્ડિંગ ચેરમેન ને પણ ક્યાંક ને ક્યાંક આ અંગે જાણ થાય ન હોવાનું જાણવા મળ્યું છે

ત્યારે આ રીતે સોલિડ વેસ્ટ વિભાગમાં બદલી અને તે બાદ ૨૪ કલાકમાં જ ચેક કરાયેલા હુકમો સ્થગિત કરવામાં આવ્યા તેવી પ્રથમ વખત ઘટના બની હોવાનું હાલ માલુમ પડ્યું છે.

### ગંભીર અકસ્માત કે જન્મજાત ખોડખાપણ યુક્ત અંગોને પ્લાસ્ટિક સર્જરી દ્વારા રિકંસ્ટ્રક્શન કરી પુનઃ કાર્યરત કરતી રાજકોટ સિવિલ

# વર્ષ ૨૦૨૪માં ૬૮ જટિલ ઓપરેશન સહિત ૬,૭૭૯ દર્દીઓની કરાઈ પ્લાસ્ટિક સર્જરી

## ૪૦ બેડની અલાયદી ઈન્ડોર સુવિધા, બે મોડ્યુલર ઓપરેશન થીએટર, રાજ્યની પ્રથમ સ્કિન બેંક સહિતની ઉત્તમ વ્યવસ્થા

રાજકોટ, તા. ૭

અકસ્માતના ગંભીર બનાવ, દાજી જવાના કિસ્સા, સ્નેક બાઈટ, કે અન્ય ઈજા થકી ઘાયલ દર્દીઓના અંગોને મોટું નુકસાન થતું હોઈ છે. આ સમયે દર્દીને તાત્કાલિક સારવાર ઉપરાંત તેઓની રિકંસ્ટ્રક્શન સહિતની સર્જરી હાથ ધરી તેમને મોટી નુકસાનીથી બચાવી શકાય છે. ઈજા પામેલા અંગોને પુનઃ કાર્યરત કરવા શરીરના અન્ય જગ્યાએથી જરૂરી નસ, ધામની સીરા, સ્કિન અને હાડકાનો ઉપયોગ કરી સર્જરી દ્વારા નુકસાન થયેલ અંગ કાર્યરત કરવાની રિકંસ્ટ્રક્શનની જટિલ પ્રક્રિયા રાજકોટ સિવિલનો પ્લાસ્ટિક સર્જરી વિભાગ કરી રહ્યો છે.

ગત વર્ષે લગભગ ૬૮ જેટલા અબાલ-વૃદ્ધની રિકંસ્ટ્રક્શન સર્જરી કરી તેઓને સામાજિક ગૌરવ અપાવી અને ડિપેન્ડન્સીમાંથી ઉગારવાની ઉમદા સેવા કરવામાં આવી છે. આ સાથે વર્ષ ૨૦૨૪ દરમ્યાન ટ્રોમા, એક્સિડન્ટલ, કેન્સર, ખોડખાપણ દૂર કરવાના ૬,૭૭૯ દર્દીઓની નાની-મોટી સર્જરી હાથ ધરાઈ હતી. અકસ્માતમાં ઘાયલ દર્દીઓની કેટલાક કિસ્સામાં ધોરી નસ, રક્ત વાહિની કપાઈ જતી હોઈ છે. આવા કિસ્સામાં સર્જરી દ્વારા કપાયેલી નસોને જોડી રક્ત સંચારણ પુનઃ કરવામાં આવે છે, જેથી કરીને દર્દીઓના અંગ કાર્યરત રહે. દાજી જવાના કિસ્સામાં તે જગ્યાએ શરીરના અન્ય જગ્યાએથી અથવા સ્કિન બેન્કમાંથી ત્વચાનો ઉપયોગ કરી તે ભાગને નવી સ્કિન પુરી પાડવામાં આવે છે. જયારે કેટલાક જન્મજાત ખોડખાંપણવાળા બાળકો કે જેઓને કાન ન હોવા, એકથી વધુ આંગળીઓ હોવી, આંગળીઓ જોડાયેલી હોવી કે કલીપ હોઠ જેમાં હોઠ કપાયેલા હોઈ તેવા બાળકોની પ્લાસ્ટિક સર્જરી કરી તેઓના અંગો સંપૂર્ણ કરવામાં આવે છે.આવા જુદા જુદા કિસ્સામાં ગત વર્ષે કેન્સર પીડિત ૮ લોકોના સર્જરી બાદના મોં, ગળા રિકંસ્ટ્રક્શન પદ્ધતિથી પૂર્વવત કરાયા છે. જન્મજાત ખોડખાપણયુક્ત ૬ બાળકોની સર્જરી કરી બાળકોના કાન, ફાટેલ હોઠને સાજા કરાયા છે. જ્યારે અકસ્માત કે અન્ય ઘટનામાં મોટી ઈજામાં ઘાયલ ૨૫ જેટલા લોકોની નસની સર્જરી કરી તેઓને હાથ પગની ખોડખાપણથી રક્ષિત કરાયા છે. ૧૫ જેટલા કિસ્સામાં કાનનું રિકંસ્ટ્રક્શન કરવામાં આવ્યું છે. જેમાં શરીરના અન્ય ભાગમાંથી હાડકું કાઢી તેને કાનની જગ્યાએ જોડી નવો કાન બનાવી આપવામાં આવ્યો છે. તે જ રીતે અકસ્માત કે નોઝ બાઈટના પાંચ કિસ્સામાં નાકને પ્લાસ્ટિક સર્જરી વડે પુનઃ આકાર આપી મૂળ સ્વરૂપ આપવામાં આવ્યું છે. એક કિસ્સામાં ગંભીર અકસ્માતમાં આંખના ભાગે થયેલી ઇન્જરીને પ્લાસ્ટિક સર્જરી દ્વારા શેપ આપવામાં આવ્યો છે. તો એક દર્દીની હાથની સર્જરી દ્વારા તેઓને કાયમી ખોટ દૂર કરી આપી હોવાનું ડો. મોનાલી માકડીયા જણાવે છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે બે અત્યાધુનિક મોડ્યુલર ઓપરેશન થીએટર, સ્કિન બેન્ક, મહિલા અને પુરુષ બે વોર્ડમાં ૪૦ બેડની ઇન્ડોર સારવાર સુવિધા ઉપલબ્ધ છે. અહીં પ્રોફેસર ડો. મોનાલી માકડીયા ઉપરાંત આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. મીનાક્ષી રાવ, રેસિડન્ટ ડો. કેયુર ઉસદડીયા, ડો. જયદીપ કવાથીયા સહીત નર્સિંગ અને સપોર્ટિંગ સ્ટાફ કાર્યરત છે.



### દામ્પત્ય જીવનનો રથ સ્નેહ, સમર્પણ, સમજદારી, વિશ્વાસથી આગળ વધેઃ ડખ્ખા થાય તો વાત વણસે

# ડોક્ટરે કર્યો તલાટી પત્નિની હત્યાનો પ્રયાસઃ થયો જેલ ભેગો

## બે વર્ષથી કલેશ હોઇ પત્નિએ અરજી કરી હતીઃ સમાધાનની વાત કરવા બોલાવતાં તલાટી પત્નિ એક્ટીવા લઇને આવીઃ વાહન ઉભુ રાખતા જ ડોક્ટરે કારની ઠોકરે લઇ સોએક ફુટ ઢસડીઃ હાલત ગંભીર

**દર્શનસિંહ જાડેજા દ્વારા**

**રાજકોટ મિરર, તા. ૭**

રાજકોટઃ અમુક દંપતિઓ વચ્ચે નાની મોટી વાતે ઝીણા મોટા ઝઘડા બોલાચાલી થતાં જ હોય છે. પરંતુ બાદમાં બંને એકબીજાને માફ કરી દેતાં હોય છે અને એ રીતે સંસાર જીવનનું ગાડુ આગળ વધતું હોય છે. પરસ્પર સમજદારી, સ્નેહ, સમર્પણ અને વિશ્વાસના પાયા પર સંસાર જીવનનો રથ આગળ વધતો હોય છે. પરંતુ જો આમાં બેમાંથી કોઇ આડુ ચાલે તો વાત ડખ્ખે ચડતી હોય છે. કંઇક આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એમબીબીએસ ડોક્ટર પતિએ પોતાની જ તલાટી પત્નિને પતાવી દેવા ખોફનાક કારસો ઘડ્યો હતો. તેણે પત્નિને કારથી સોએક ફુટ ઢસડી મોતને ઘાટ ઉતારવા પ્રયાસ કર્યો હતો. પત્નિ હાલ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઇ રહી છે અને પોલીસે ડોક્ટરને જેલભેગો કર્યો છે. બે વર્ષથી ચાલતા કલેશમાં સમાધાનની વાત માટે ભેગા થયા પછી આ ઘટના બની હતી. ડોક્ટરે પોતાની હાથની નસ કાપવા પણ પ્રયાસ કર્યો હતો.

આ ચોંકાવનારી ઘટના વડોદરા જિલ્લાના વાઘોડિયા ખેરવાડી વિસ્તારની છે. સમી સાંજે વ્યારા ગ્રામ પંચાયતના મહિલા તલાટી તવરા પાસેથી એક્ટિવા ઉપર પસાર થતા હતા. તે દરમિયાન ડોક્ટર પતિ દ્વારા કારથી અકસ્માત સર્જી તેણીને ૧૦૦ ફૂટ ઢસડી જાનથી મારી નાખવાનો પ્રયાસ કરતા પંથકમાં સનસનાટી



મચી ગઈ હતી. આ બનાવને લઈ વાઘોડિયા પોલીસે આરોપી સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી ઝડપી લીધો છે. આ બનાવમાં ઈજાગ્રસ્ત મહિલા તલાટીને ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે વાઘોડિયા પોલીસે આરોપીને આજે કોર્ટમાં રજૂ કર્યો હતો જ્યાં તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરાયો છે.

આ ઘટનામાં સ્થળ પરથી પોલીસે એફએસએલની મદદથી અકસ્માત સર્જનાર કાર અને જગ્યા પરથી પુરાવા એકત્રિત કર્યા છે. આ કારના બોનેટ અને કાચ પરથી તલાટી પત્નિના વાળ પણ મળી આવ્યાં છે.

આ ઘટનામા ડોકટર પતિએ કરેલી ક્રૂરતાના પુરાવા પોલીસે ભેગા કર્યા છે. આ મામલે હાલમાં પોલીસ તપાસ કરી રહી છે. આ બનાવમાં હાલમાં આરોપી પતિને જેલ હવાલે કરવમાં આવ્યો છે.

આરોપી સામે હત્યાનો પ્રયાસ, શારીરિક માનસિક ત્રાસ સાથે અક્સ્માત અંતર્ગત વિવિધ કલમો હેઠળ કાર્યવાહિ હાથ ધરવામાં આવી છે. આ આરોપી ડોકટર વડોદરામાં ફિઝિશિયન તરીકે પ્રક્ટિસ કરતો હતો અને તે અનખોલ ગામમાં રહેતો હતો.

વધુ માહિતી મુજબ આ મહિલા તલાટી વાઘોડિયા તાલુકાના વ્યારા જૂથ ગ્રામ પંચાયતમાં તલાટી કમ-મંત્રી તરીકે ફરજ બજાવતી હતી. તેઓનું નામ ત્રીસ વર્ષના અમીબેન પ્રકાશભાઈ શાહના લગ્ન એમબીબીએસ ડો. પ્રતિક રસીકભાઇ મહેતા સાથે થયા હતા. બંને વચ્ચે લગ્ન બાદ બે વર્ષથી મતભેદ થતાં પત્નિએ પતિ સામે અરજી આપી હતી. બાદમાં એકબીજાને મળવા આવ્યાં હતાં.

જ્યાં તબીબ પતિએ પાટીયાપુરા તવરા વચ્ચે કેનાલ નજીક રસ્તામાં એક્ટિવા ઊભી રાખવાનો તલાટી પત્નિને ઈશારો કર્યો હતો. બાદ તલાટી કમ મંત્રી અમીબેનની હત્યા કરવાના ઈરાદે તેમના પતિ ડૉ.પ્રતીક મહેતા (શ્લોક પરિસર સોસાયટી ગોતા અમદાવાદ, મૂળ કડી, મહેસાણા) હાલ રહે.અણખોલે સ્વીફ્ટ કારથી ટક્કર મારતાં પત્નિ ઊછળીને કારના બોનેટ પર પડી કાચમાં ભટકાઈ હતી.


બાદ ઘાયલ અમીબેન રોડ પર પટકાતાં તેને કચડી જાનથી મારી નાંખવાના ઈરાદે કારના આગળના ભાગેથી રોડ પર ૧૦૦ ફૂટ સુધી એક્ટિવા સહિત ઢસડી હતી. આ પછી ડૉ. પ્રતીક ઈજાગ્રસ્ત પત્નિને ધક્કો મારી ભાગવા જતાં લોકોએ તેને ઝડપી પાડ્યો હતો. હાલ તેને જેલ ભેગો કરી દેવાયો છે.

કલેશની આગ માણસને કઇ હદ સુધી લઇ જાય છે તેનો આ વધુ એક ઘટના પુરાવો આપી રહી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# આ.. બેલ મુજે માર

## ડેટિંગ એપમાં ફસાઈ જવાનો ઢઢો ઓછો થતો નથી




મોબાઈલ ફોન ખૂબ ઉપયોગી છે, પરંતુ મોબાઇલમાં પ્રાપ્ત થતી ૮૦% જેટલી સામગ્રી બિન ઉપયોગી અને અતિ જોખમી છે. આ સામગ્રીનો ભોગ બનનારાની અસંખ્ય ઘટનાઓ દરરોજ ઉજાગર થાય છે. આપણા સમાજમાં અમુક પ્રજાતિ એવી છે કે તે મગજનો ઉપયોગ કરતી નથી અને ખાંઉધરાના મોંનો કોળિયો બનવા થનગનતા રહે છે.

રાજકોટની એક ઘટના ચર્ચાસ્પદ બની છે. ડેટિંગ એપના માધ્યમથી કારખાનેદારે રાજકોટના એક 'ગે'ને શિકાર બનાવીને રૂપિયા ખંખેરી લીધા. આ ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. ઘણા પોતાને સમાજથી હટકે દર્શાવવા ચિત્ર વિચિત્ર હરકત કરે છે. ડેટિંગ એપમાં ફસાયેલો યુવક સલૂનમાં નોકરી કરે છે, પોતાને હટકે દેખાડવા 'ગે'નું લેબલ લગાવતો હશે.

વ્યક્તિગત જીવન જેવું હોય તેવું પરંતુ ડેટિંગ એપમાં ભોગ બનનારાની અસંખ્ય ઘટનાઓ બની ગઈ છે. આ ગે એ એપનો ઉપયોગ કરતી વખતે મગજ બંધ રાખ્યું હતું ? ગ્રીન્ડર નામની એપનો ઉપયોગ તો કર્યો પરંતુ સાવ અજાણ્યા અને પહેલી જ વાર મળતા માણસ અંગે કોઈ જ માહિતી એકઠી કર્યા વગર પ્રથમ મુલાકાતમાં જ હોટલમાં જવું અને વસ્ત્રવિહીન થઈ જવું એ બુદ્ધિપૂર્વકનું કામ ગણાય ?

આવા બબૂચકોના કારણે છેતરપિંડી ફ્રોડ કરનારાને મોજે-દરિયા થઈ ગયા છે. પ્રકૃતિએ દરેકને મગજ અને સમજ આપ્યા છે, તેને વિકસાવે નહીં કે તેનો ઉપયોગ ન કરે, ફ્રોડનો ભોગ બની ગયા પછી ફરિયાદો કરે અને રડતા રહે તેનો કંઈ અર્થ નથી.

મોબાઈલમાં કે વિવિધ એપ્સમાં ૮૦% થી વધારે સામગ્રી એવી છે કે તેનો ઉપયોગ ફૂંકી ફૂંકીને કરવો પડે તેમ છે પણ હવામાં ઉડતી અમુક પ્રજાતિઓ હાથે કરીને તેમાં ફસાય છે. ''આ.. બેલ મુજે માર'' જેવી સ્થિતિ છે. બળદિયાના શીંગડામાં માથું ભરાવવાના ઢઢાના કારણે બળદિયાને શિકાર સરળ થઈ ગયા છે.

ગેનો શિકાર બનાવનારને પોલીસ તંત્રએ જામનગરથી ઝડપી લીધો, આગવી પૂછપરછ બાદ શિકારીએ ગુન્હો પણ કબૂલી લીધો. જોકે એપ્લિકેશનના માધ્યમથી થતા દરેક ગુન્હા પકડવા સરળ નથી. સ્થાનિકથી માંડીને આંતરરાષ્ટ્રીય ફ્રોડના મહાન નેટવર્ક સક્રિય છે. ટેકનોલોજી પણ દરરોજ બદલાતી રહે છે.

આવા ગુન્હા સામે કાયદા પણ પર્યાપ્ત નથી. ટેકનોલોજી અને ટ્રિકથી થતા ગુનની દોટ સાથે કાયદા દોડાવવા શક્ય પણ નથી, તંત્ર સીમિત છે અને ગુન્હાનો મહાસાગર ઘૂઘવી રહ્યો છે. આ સ્થિતિમાં એકમાત્ર ઉકેલ લોકજાગૃતિ કેળવવી અને દરેક માણસને મગજનો તથા સમજદારીનો ઉપયોગ કરવો એ છે.સાવ અજાણ્યા માણસ સાથે હોટેલમાં જઈને કપડા ઉતારી નાખવાનો ઢઢો હોય તો.....




પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# VIPકલ્ચરનો અંત ક્યારે આવશે ?

**વીઆઈપી કલ્ચર ઘટવું જોઈએ પણ ઘટતું નથી. સરકારી કચેરીથી માંડી ધર્મસ્થાન સુધી એ જોવા મળે છે. અને આમ આદમી એ કારણે પરેશાન થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીઆઈપીની જગ્યાએ ઈપિઆઇ એવરી પર્સન ઈમ્પોર્ટન્ટ ની વાત કરી પણ એનો અમલ થતો નથી**

પ્રયાગરાજમાં મહાકુંભમાં સ્નાન માટે આવેલા લોકોમાં ભાગદોડ મચી અને ૩૦ લોકો મૃત્યુ પામ્યા. આ જ દિવસે અન્ય એક સ્થળે પણ ભાગદોડ મચી હતી એવા અહેવાલોને સમર્થન મળ્યું નથી. મહાકુંભમાં જ બે વાર પંડાલોમાં આગ લાગવાની ઘટના બની છે , સદભાગ્યે એમાં કોઈ જાનહાની થઇ નથી. પણ આવું શા માટે બને છે ? અને એના કારણોનું નિવારણ કેમ થતું નથી એ પ્રશ્નનો જવાબ મળતો નથી. વિપક્ષે આક્ષેપ કર્યો છે કે, વીઆઈપી કલ્ચરનાં કારણે આમ બને છે. એ વાત સાવ સાચી છે. પણ સરકાર કોઈ પણ પક્ષની હોય આ વીઆઈપી કલ્ચરનો અંત આવતો નથી. સંસદમાં પણ આ ઘટના અંગે સવાલ ઉઠાવાયા. સારી વાત એ છે કે આ ઘટના પછી સરકારે કેટલાક નિર્ણયો લીધા. વીઆઈપી કલ્ચર બંધ કરવામાં આવ્યું.

રાજકોટમાં થોડા સમય પહેલા મુખ્યમંત્રીનો પ્રવાસ હતો. આખો દિવસ એમના જુદા જુદા કાર્યક્રમો હતા. અને એ કારણે શહેરના અનેક રસ્તાઓ પર જાણે કર્ફ્યુ હોય એવી સ્થિતિ સર્જાઈ હતી. જ્યાં કાર્યક્રમ હોય ત્યાં આસપાસના રસ્તાઓ ચાર પાંચ કલાક સુધી બંધ રખાતા હતા, આ કારણે લોકોને જે સમસ્યા થતી હતી એનો ખ્યાલ કોઈને નહોતો.

અગાઉ વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી હતા ત્યારે એમના રાજકોટ પ્રવાસ વધુ પડતા થતા હતા. અને એ કારણે ટ્રાફિકમાં સમસ્યા થતી હતી. લોકો પરેશના થતા હતા. બહુ બધી ફરિયાદો બાદ રૂપાણીના કોન્વેમાં ઘટાડો કરાયો હતો. આવું જ અન્ય મંત્રીઓ કે પછી વીવીઆઈપીનાં કિસ્સામાં બનતું આવ્યું છે.

૨૦૨૪માં ઝાંસીમાં એક ચિલ્ડ્રન હોસ્પિટલમાં નવજાત દસ બાળકોનાં મૃત્યુ થયા અને બહુ વિવાદ થયો હતો અને ત્યારે વીવીઆઈપી ત્યાં મુલાકાતે આવતા અને આખું તંત્ર એમના માટે ઊંધા માથે થતું હતું. ત્યારે બહુ બધી ટીકાઓ થઇ હતી. પણ બે પાંચ દિવસ બધી ચર્ચાઓ થાય પછી બધું રાબેતા મુજબ થઇ જતુ હોય છે. મહાકુંભમાં તો દુર્ઘટના અંગે માહિતી પણ છુપાવાતી હતી. શંકરાચાર્યે પણ કહ્યું કે, અમને ય ખોટી માહિતી અપાઈ હતી. પ્રેમાનંદગીરી તો વાત કરતા કરતા રડી પડ્યા હતા અને કહ્યું હતું કે, અમે પહેલા જ સરકારને કહેલુ કે, લશ્કરને પૂરી વ્યવસ્થા સોંપી દો. દુર્ઘટના બાદ વીઆઈપી વ્યવસ્થા બંધ કરવામાં આવી પણ હજુ ય ત્યાં આ કલ્ચર બંધ થયું નથી. સામાન્ય માણસે સંગમમાં સ્નાન કરવું હોય તો દસ બાર કિલોમીટર ચાલવું પડે છે. અને વીઆઈપીનાં વાહનો છેક સુધી જાય છે.

ગઈ સાત જાન્યુઆરીએ જ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડેએ કહ્યું હતું કે, ધર્મસ્થાનોમાં વીઆઈપી કલ્ચર બંધ થવું જોઈએ., ભગવાન પાસે તો સૌ સરખા હોવા જોઈએ. આ વાત સાવ સાચી છે પણ આજે ય અનેક ધર્મસ્થાનોમાં વીઆઈપી વ્યવસ્થા હોય છે. સામાન્ય માણસ લાઈનમાં કલાકો ઉભા રહે રહે છે જ્યારે મોટા માણસો માટે

ખબર ની KHABAR



કૌશિક મહેતા

અલગ વ્યવસ્થા હોય છે. કેટલાય ધર્મસ્થાનોમાં દર્શન માટેની કતારો પણ જુદી જુદી હોય છે. વીઆઈપી દર્શન માટે વધુ પૈસા લેવાય છે. આ વ્યવસ્થા કેમ ખતમ ન થાય?

ગયા વર્ષે જ બે ત્રણ સંસ્થા દ્વારા વીઆઈપી કલ્ચર માટે સર્વે થયા હતા. એમાં દસેક હજાર લોકોનાં મંતવ્યો લેવાયા હતા. એમાં તારણો એવા હતા કે, ૮૩ ટકા લોકોએ એમ કહ્યું હતું કે, સરકારી કચેરીમાં સૌથી વધુ વીઆઈપી કલ્ચરનો અનુભવ થાય છે. ૨૫ ટકાએ કહ્યું કે, હોસ્પિટલમાં અને ૭૦ ટકાએ કહ્યું કે, ધાર્મિક સ્થાનોમાં વીઆઈપી વ્યવસ્થા હોય છે. એક અન્ય સર્વેમાં ૪૬ ટકાએ એમ કહ્યું કે, વીઆઈપી કલ્ચરમાં કોઈ ફેરફાર થયો નથી. ૧૪ ટકાએ કહ્યું કે, ઘટવાની વાત જવા દો એ તો વધતું જાય છે. ૯ ટકા લોકોએ જ કહ્યું કે, આ કલ્ચરમાં ઘટાડો થયો છે.

નરેન્દ્ર મોદીએ સત્તામાં આવ્યા બાદ કેટલાક ફેરફાર કરાવ્યા એ સારી નિશાની હતી. મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓની ગાડીમાં લાલ બતીઓ હતી એ દૂર કરાવી. આ સારું પગલું હતું. અને એમણે મન કી બાતમાં કહ્યું હતું કે, વીઆઈપી કલ્ચર ના હોવું જોઈએ. ઈઆઈપી હોવી જોઈએ એટલે કે, એવરી પર્સન ઈમ્પોર્ટન્ટ. પણ એની કોઈ જમીની અસર જોવ નાં મળી. આજે ય વીઆઈપી કોઈ આવે ત્યારે એમનો કાફલો મોટો હોય છે અને સાયરન વગાડતો એ કાફલો નીકળે છે અને બાકી બધું ઠપ થઇ જાય છે. અરે ! મોદીની સભા કે રોડ શો હોય ત્યારે શું થાય છે એ સુવિદિત છે. હા, સલામતી વ્યવસ્થા જરૂરી છે પણ એનો અતિરેક થાય ત્યારે સમસ્યા સર્જાય છે.

ગાંધીજી વિશેનો કિસ્સો બહુ જાણીતો છે. એ ટ્રેનમાં થર્ડ ક્લાસમાં સફર કરતા હતા પણ એ માટે સરકારી તંત્રે એટલી બધી સલામતી વ્યવસ્થા કરવી પડતી હતી કે ના પુછો વાત. ડો. એપીજે અબ્દુલ કલામમાંથી આ મુદ્દે બધાએ પ્રેરણા લેવા જેવી છે. દિલ્હીમાં કોઈ કાર્યક્રમમાં એમણે જવાનું થાય તો એક સમય જ પસંદ કરે કે જ્યારે ટ્રાફિક ઓછો હોય. અને પોતાના કાફલામાં ઘટાડો કરાવ્યો હતો. આવું બીજાના કિસ્સામાં કેમ ના થાય?

પણ મહાકુંભથી માંડી હોસ્પિટલ સુધી બધે વીઆઈપી કલ્ચર જોવા મળે છે. આ કારણે બંધારણની કલમ ૧૪ અને ૨૧નો ભંગ થાય છે જેમાં બરાબરીનો હક અપાયો છે. મહાકુંભનાં કિસ્સામાં દોષી હોવા મુદ્દે કોર્ટમાં પીટીશન થઇ છે. અને અગાઉ એવી ય પીટીશન થઇ છે કે, આ વીઆઈપી કલ્ચરનો અંત આણો. એની સુનાવણી ચાલે છે.

આપણે ત્યાં તો ઈમિગ્રેશન હોય કે બેંક , પોસ્ટ ઓફીસ કે પછી રેલવે બધે વીઆઈપી વ્યવસ્થા હોય છે. મંત્રીઓને અને અધિકારીઓને ઘેર ગાર્ડ અપાય છે. એમના બાળકો સરકારી વાહનોમાં શાળા કોલેજ જાય છે. ઓર્ડરલી હોય એ સાહેબની બ્રિફકેસ ઉપાડે છે. એમના બાળકોને સંભાળે છે. જાણે એ નોકર હોય એ રીતે એમની પાસે કામ લેવામાં આવે છે. અરે! નગરસેવકથી માંડી ધારાસભ્ય અને સાંસદને સરકારમાંથી ગ્રાન્ટ મળે છે અને એમાથી કોઈ કામ થાય તો ત્યાં એમના નામની તકતી લાગે છે. આ તો હદ થઇ કહેવાય. પૈસા છે પ્રજાના ને એમાં નામ આવે છે નેતાનું!

અને આ બધું આપણા દેશમાં જ ચાલે છે. વિદેશમાં આ કલ્ચર બહુ સીમિત છે. બ્રિટનમાં સત્તાવાર રીતે ૮૪ જ વીઆઈપી છે. તો જાપાનમાં ૧૨૫, ફ્રાન્સમાં ૧૦૯, જર્મનીમાં ૧૪૨, ઓસ્ટ્રેલિયામાં ૨૦૫, યુએસએમાં ૨૫૨, રશિયામાં ૩૧૨ અને ચીનમાં ૪૩૫ લોકોને વીઆઈપી કેટેગરીમાં સામેલ કરાયા છે અને બાકીની કોઈ એવી સગવડ મળતી નથી.

પણ ભારતમાં તો ૨૦૦૦ પદને આ સુવિધા આપવાની હતી પણ એ આંકડો વધીને ૧૫,૦૦૦ પહોચ્યો છે. અને બાકીનાને જે તે સ્થિતિમાં સુવિધા અપાય છે એ જુદી. ભારતે બીજા દેશો પાસેથી આ વાત શીખવી પડશે.

લોકોને પરેશાની થાય એવા વિઆઇપી કલ્ચરનો અંત આણવો પડશે.

# મહારાષ્ટ્ર ચૂંટણીમાં થઈ છે ગેરરીતિ : રાહુલ

## ઈલેક્શન કમિશનની કામગીરી પર કોંગ્રેસે ઉઠાવ્યા સવાલ : પંચે કહ્યું યોગ્ય જવાબ આવશે આપવામાં

નવીદિલ્હી, તા. ૭

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો પહેલા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર ચૂંટણીમાં ગેરરીતિની આશંકા વ્યક્ત કરી છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે મહારાષ્ટ્રમાં વિધાનસભા ૨૦૧૯ અને લોકસભા ૨૦૨૪ વચ્ચેના ૫ વર્ષમાં ૩૨ લાખ નવા મતદારો ઉમેરાયા છે. તેમણે આરોપ લગાવ્યો કે લોકસભા ૨૦૨૪ અને વિધાનસભા ૨૦૨૪ વચ્ચે ૫ મહિનામાં ૩૯ લાખ નવા મતદારો ઉમેરવામાં આવ્યા. કોંગ્રેસ સાંસદે પૂછ્યું કે સવાલ એ છે કે છેલ્લા ૫ વર્ષની સરખામણીમાં ૫ મહિનામાં વધુ મતદારો કેવી રીતે ઉમેરાયા? રાહુલ ગાંધીએ મતદાર યાદી અંગે માહિતી માંગી છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચે અમારી આશંકાઓનો જવાબ આપ્યો નથી.

રાહુલ ગાંધીએ કહ્યું કે અમે સમગ્ર વિપક્ષનું પ્રતિનિધિત્વ કરીએ છીએ જેણે મહારાષ્ટ્રમાં છેલ્લી ચૂંટણી લડી હતી. અમે ભારતના લોકોના ધ્યાન પર કેટલીક મહત્વપૂર્ણ માહિતી લાવવા માંગીએ છીએ જે મહારાષ્ટ્રની ચૂંટણીને લઈને બહાર આવી છે. અમારી ટીમે મતદાર યાદી અને મતદાનની પદ્ધતિનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યો છે અને અમે કેટલાક સમયથી તેના પર કામ કરી રહ્યા છીએ. કમનસીબે અમને ઘણી અનિયમિતતાઓ મળી.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે દાવો કર્યો હતો કે ગયા વર્ષે લોકસભા ચૂંટણી અને પાંચ મહિના પછી યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી વચ્ચેના સમયગાળામાં રાજ્યમાં મતદારોની સંખ્યા હિમાચલ પ્રદેશની વસ્તી જેટલી વધી હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે આક્ષેપો નથી કરી રહ્યા, પરંતુ વિપક્ષની વારંવારની માંગણી છતાં ચૂંટણી પંચ મહારાષ્ટ્રના મતદારોનો ડેટા આપી રહ્યું નથી. આ દર્શાવે છે કે કંઈક ખોટું થયું છે. તેમણે દાવો કર્યો હતો કે મોટી સંખ્યામાં મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે અને આમાંના મોટાભાગના મતદારો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને લઘુમતી સમુદાયના છે.રાહુલે આરોપ લગાવ્યો કે લોકસભા અને વિધાનસભા ચૂંટણી વચ્ચે મહારાષ્ટ્રમાં ૩૯ લાખ મતદારોનો વધારો હિમાચલ પ્રદેશ જેવા સમગ્ર રાજ્યની વસ્તી સમાન છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચે પારદર્શિતા લાવવી જોઈએ, મહારાષ્ટ્રમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણીની મતદાર યાદી આપવાની જવાબદારી તેની છે. દરમિયાન, પ્રેસ કોન્ફરન્સમાં હાજર રહેલા શિવસેના-યુબીટી સાંસદ સંજય રાઉતે કહ્યું કે જો આ દેશનું ચૂંટણી પંચ જીવિત છે અને તેનો અંતરાત્મા મરી ગયો નથી, તો તેણે રાહુલ ગાંધી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવા જોઈએ. પરંતુ ચૂંટણી પંચ જવાબ નહીં આપે કારણ કે ચૂંટણી પંચ પણ સરકારની ગુલામીમાં છે.

તે જ સમયે, એનસીપી-શરદ પવાર પાર્ટીના સાંસદ સુપ્રિયા સુલેએ કહ્યું કે જે રીતે અમારી પાર્ટીને તોડવામાં આવી તે રીતે ધારાસભ્યો અને સાંસદોને તોડવામાં આવ્યા. અમારી લડાઈ હજુ પણ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે... અમે ચૂંટણી પંચને વિધાનસભામાં ચૂંટણી ચિન્હમાંથી તુતારી દૂર કરવા વિનંતી કરી હતી. પણ તેણે તુઆતરીને હટાવી ન હતી. જેના કારણે અમે ઘણી બેઠકો ગુમાવી છે... ચૂંટણી ચિન્હની વાત છે, પક્ષો તોડવાની વાત છે, મતદાર યાદીની વાત છે. ચૂંટણી પંચે નિષ્પક્ષ રહેવું જોઈએ. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મૂકેલા મહારાષ્ટ્રમાં મતદાર યાદીમાં ગોટાળાના આરોપ પર ચૂંટણી પંચે પ્રતિક્રિયા આપી છે. ચૂંટણી પંચે કહ્યું કે, આ મામલે સંપૂર્ણ તથ્યો સાથે જવાબ આપવામાં આવશે.




સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### ધર્મ કે જ્યાં જીવનને દિવ્ય બનાવવા જવાનું હતું ત્યાં જીવન ભવ્યની માંગથી પહોંચ્યાં!

મિત્રો- શુભ સવાર.

હે ઈશ્વર.



આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. છાપાં મુજબ કુંભ મેળામાં કરોડો લોકો આવવાનાં છે, અને એક ટેન્ટનું એક દિવસનું ભાડું એક લાખ રૂપિયા છે, જોકે બીજી પણ વ્યવસ્થા હશે! આપણે એમાં નથી જવું! મૂળ વાત આટલાં લોકો શું કામ આવે છે? શું એ સૌની માત્ર મોક્ષની ઈચ્છા હશે? કે પછી જીવતાં જ કંઈક દિવ્યતની અનૂભૂતિ કરવાં આવતાં હશે? શું છે આ બધાનું રહસ્ય? આ છે હિન્દુ સનાતન ધર્મની અસ્મિતા, અને એને જે પૂરી શ્રદ્ધાથી અનુસરે એને એનું વળગણ જીવનભર રહે છે! અને આપણે જોઈ શકીએ છીએ કે દિવસે દિવસે સનાતની અસ્મિતા પ્રબળ બનતી જાય છે કારણકે એ માત્ર ધર્મ કે શિષ્ટાચાર નથી! એ જીવનની સાચી સાર્થકતાનું પરિણામ છે! સનાતની પોતે પોતાની જાતને ઈશ્વરના સંતાન તરીકે સ્વીકારે, જેથી કરીને ઈશ્વર તેની સમસ્યાનું નિવારણ કરીને તેનું જીવન દિવ્ય બનાવે, અને એને અનુસરવાથી આપણું જીવન પણ સરળ બને છે, પણ હકીકતમાં જીવન સરળ નથી. તો પ્રશ્ન એ થાય કે આપણે શું આપણી સંસ્કૃતિ ને કે આપણા ધર્મને અનુસારતા નથી?? સમાજનું ઉપરછલ્લું ચિત્ર જોતા આ વાત ખોટી લાગે, કારણ કે ધર્મને કારણે આજે સમાજમાં ખૂબ બધા આયોજનો થાય છે, મોટી મોટી શિબિર અને સેમિનાર થતા હોય છે, ભાગવત કથાના આયોજન થતા હોય છે, અને એમાં જન્મેદની પણ ખાસ્સી જોવા મળે છે. એટલે એ પરથી કહી શકાય કે લોકોની ધર્મની રુચિ ખત્મ થઈ નથી! પરંતુ ધર્મ ક્ષેત્રમાં એવું કંઈક પ્રવેશી ગયું છે,કે જેને કારણે લોકો અનુસરવું જોઈએ તે અનુસરતા નથી! અને ત્યાંથી સમસ્યા શરૂ થાય છે. દર્દી ડોક્ટર પાસે જાય તો ડોક્ટરે તેનું નિદાન કરી અને એના રોગ નિવારણ માટે દવા આપવાની હોય, નહીં કે એ દર્દી જીવન ભર તેની પાસે આવતો રહે એવું કરવાનું હોય! બસ આ ઘાટ થયો છે ધર્મ ક્ષેત્રે,કે જ્યાં જીવનને દિવ્ય બનાવવાનું હતું ત્યાં એને ભવ્ય બનાવવાની ભૂલને કારણે, કોઈ ધર્મ પ્રેમી પોતાની અશાંતિની સમસ્યા લઈને કોઈ ધર્મ સંપ્રદાયના આખ્યાન, શિબિર,કે પ્રવચન વગેરેમાં જાય, એટલે એ ધર્મપ્રેમી એ જ ઠેકાણે દર વખતે જાય! એવું કરવામાં જે ધર્મ સંપ્રદાયને રસ છે, એણે ધર્મની વ્યાખ્યા બગાડી નાખી, અને એને કારણે સમાજ ધર્મને નામે વ્યક્તિ વિશેષની પૂજા કરતો થઈ ગયો. ધર્મના અનુયાયીઓ તો વધ્યા પણ જેમાં ધર્મ ઘટતો ગયો, અને દિવ્યતા ઘટતી ગઈ! જેને કારણે આટલી મોટી સંખ્યામાં લોકો ધર્મને નામે અધર્મનું આચરણ કરવા લાગ્યા જેણે આપણા પવિત્ર સનાતન ધર્મની સંસ્કૃતિને અંદરથી ખોખલી બનાવી નાખી છે.

તો સમસ્યા આ છે! આજે પણ લોકોને શંકર, રામ કૃષ્ણ કે દુર્ગા, ગણેશ કે પછી અન્ય ઈશ્વર સ્વરૂપ સામે વાંધો નથી. પરંતુ જે તે ધર્મ સંપ્રદાયના વડાઓ એ આ ભેદ લોકોના માનસમાં નાખ્યો, અને એને કારણે મૂલતઃ જે ઈશ્વર એક જ હતો, તેના ભાગ પડી ગયાં! અને એ બે સંપ્રદાયો વચ્ચે હંમેશા હું મહાનની સ્પર્ધા ચાલી! જે સંપ્રદાય સૌથી વધારે ધર્મપ્રેમી પોતાનામાં ખેંચી શકે એનો ધર્મ કે એનો સંપ્રદાય મહાન છે, ત્યાં ઈશ્વર પ્રાપ્તિ સરળ છે, એવું સાબિત થાય! એટલે જેમ સેલ સમયે અમુક ઓફર થતી હોય, એ રીતે અહીં પણ થવા લાગ્યું,અને ધર્મ એક ધંધો બની ગયો! અને સનાતન ધર્મીઓ એ નિરસતા બતાવી એટલે કે આવી સ્પર્ધામાં જોતરાયા નહીં, એટલે અન્ય ધર્મ અને સંસ્કૃતિની બોલબાલા વધી.

આજનાં સમયમાં લોકો ઉપવાસ એકટાણાં પણ ખૂબ કરે છે, એમ તો દાન ધર્મ પણ ખૂબ થાય છે, પણ બધું દિશા વગરની દોડ જેવું હોવાથી એટલું પરિણામ મળતું નથી, અને લોકો નિરાશ થાય છે. અથવા તો એમ કહો કે પ્રેઝન્ટેશનના આ યુગમાં લોકોએ ઈશ્વર અને ધર્મને પણ પ્રદર્શન અને પ્રસ્તુતિનો વિષય બનાવી દીધો હોવાથી, થોડું ઘણું ધર્મને નામે જે કંઈ થઈ રહ્યું હોય એ દંભ દેખાડો કે સ્ટેટસ સિમ્બોલ બની ગયું, અને એને કારણે ધર્મમાંથી મૂળ તત્વ ઘસાતું ગયું. તો બીજું કારણ છટકબારી પણ છે, એટલે કે સંયમ નિયમને માટે થઈને જે વ્રત, તપ, રૂપે ઉપવાસ એકટાણા કરવામાં આવે છે, એમાં વ્યંજનો વધતા ગયાં, અને આ નહીં તો! આ રીતે ખાવું પીવું! એવું બધું પ્રવેશી ગયું, જેને કારણે જાતને નિયંત્રિત કરવાની હતી એ થઈ નહીં, પણ ઉલ્ટાની ઈન્દ્રિયો વધુ ચંચળ બની. ટૂંકમાં કળિ પ્રભાવને કારણે મનની ચંચળતા પર એક નિષ્ઠ થવાયું નહીં, અને એને કારણે આ ધર્મ સારો! આ સંપ્રદાય સારો! અહીં વધુ લાભ છે! એવી અનેક નીતિઓને કારણે સનાતન ધર્મ સંસ્કૃતિ કે જે અનુસરવાથી આપણા જીવન માર્ગ પર ખરેખર દિવ્ય પ્રકાશ પાથરતી હતી, અને એ રીતે ગતિ કરવાથી નિશ્ચિતપણે એક દિવસ ઈશ્વર તત્વ મહેસુસ થવાનું હતું, એ બધું દૂર દૂર રહી ગયું, અને આપણે આ સારું કે તે સારું! વિચારવામાં જ રહી ગયા! પરંતુ રાત્રી પછી દિવસ થાય છે, તેમ આ રાત્રી છે, અને આપણી સંસ્કૃતિનો સૂર્યોદય બહુ જલ્દીથી થશે. દરેક યુગમાં આ રીતે ધર્મને નામે અધર્મ! કે અધર્મનો વ્યાપ વધે, ત્યારે ફરી પુનઃ સંસ્કૃતિની સ્થાપના થતી જ હોય છે, અહીં પણ થશે! આ સમય પણ એવો જ છે. ચોક્કસ પણે સનાતની મૂલ્યોને ઉજાળતી આપણી દિવ્ય સંસ્કૃતિનો ધ્વજ લહેરાશે, એ વાતમાં કોઈ બેમત નથી, કારણ કે કેટલાય બુદ્ધ પુરુષો આ માટે જન જાગરણ કરી રહ્યા છે. પરંતુ આ સોનેરી સવાર આવે એની માટે આપણું પણ કંઈક યોગદાન હોય તો કેવું સારું! જ્યારે પણ ઈતિહાસનું પાનું ખુલશે, ત્યારે એ દોરનો હિસ્સો આપણે પણ હતાં, એ કેટલું આલ્હાદક બને. સૌપ્રથમ થોડાક સંકલ્પ લેવા પડશે, જેમકે એમણે પોતાના ચરણને આચરણ પર મહત્વ આપતા માર્ગ બાજુ વાળવા પડશે! જે હાથ સતત બધું લેવા આગળ વધતા હતાં, એને આપવા માટે તૈયાર કરવાં પડશે, કાનને મારો કાપોની કર્કશ ધ્વનિથી દૂર લઈ જઈ, ભજન કીર્તનનાં આદિ બનાવવા પડશે! શ્વાસને સકારાત્મકતાનું સ્મરણ કરાવવું પડશે, અને આંખોને ઈશ્વર માત્ર બહાર મૂર્તિમાં જ નથી, અંદર પણ એ જ શ્વસે છે, એટલે અંદર ઝાકવું પડશે, અને ત્યાં જેને અનુસરવાથી દિવ્ય પ્રકાશ અનુભવાય એ જ આપણો ધર્મ છે! એ જ આપણી સંસ્કૃતિ છે! અને આખી જિંદગી એને જ અનુસરવું એવું ખુદને વચન આપવું પડશે! બસ આટલું જ કરવાનું છે! થશે ને??? ધર્મને નામે અધર્મમાં ક્યારેય જોતરાઈશ નહીં! તેમજ ધર્મ એ દંભ દેખાડો કરવાનું ક્ષેત્ર નથી, માટે એને સ્ટેટ્સ સિમ્બોલ નહીં બનાવું! અને જે મને માત્ર અનુયાયી બનાવે નહીં, પણ તું પણ ઈશ્વરનું જ સંતાન છે! એવું સમજાવે એ મારો ધર્મ છે. જેમ માતા પિતા પોતાના સંતાનની બધી જ ભૂલ માફ કરતા હોય છે, તેમ ઈશ્વર પણ બધા જ અપરાધ માફ કરશે! એનાથી કંઈ પણ છુપાવીશ નહીં, બધું જ આત્મ નિવેદન કરી શરણાગતિ સ્વીકારીને એ ચરણોમાં જ શાંતિ અને મુક્તિ બંને વસે છે! એમ જે નિર્ભય બનાવે, અભય પદ આપે, એ જ મારો સાચો સનાતન હિન્દુ ધર્મ છે, અને હું એને જ અનુસરીશ! તો આપણે સૌ આવા શુદ્ધ સંસ્કારનું યોગ્ય જતન કરીને પેઢી દર પેઢી વહન કરી શકીએ,અને સનાતન ધર્મનો પાયો મજબૂત બનાવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### હસતાં રમતાં સાવ અચાનક ક્યારેક એવુ બની ગયું જે માણસને શોકમાં ધકેલી જાય


# મજાકમાં મોતઃ નાના ભાઈના હાથે મોટા ભાઈનો જીવ ગયો!

## કુવાડવાની ચોંકાવનારી ઘટનાઃ સગીર અને અઢાર વર્ષના ભાઈઓ વચ્ચે મશ્કરી થતી હતી ત્યારે સગીરથી છરી પડખામાં લાગી ગઈઃ ઘા જીવલેણ નીવડ્યો

રાજકોટઃ ક્યારેક એવી ઘટનાઓ બની જતી હોય છે જેના પર ઝડપથી વિશ્વાસ કરવો મુશ્કેલ થઇ જતો હોય છે. આવો જ એક બનાવ રાજકોટની ભાગોળે અમદાવાદ હાઈવે પર આવેલા કુવાડવા ગામમાં બન્યો છે. અહિ રહેતાં એક પરિવારમાં દસ વર્ષનો ભાઇ અને મોટો અઢાર વર્ષનો ભાઇ ઘરમાં મજાક મશ્કરી કરતાં હતાં. આ વખતે દસ વર્ષના ભાઈના હાથમા રહેલુ ચાકુ મોટા ભાઈને પડખામાં લાગી જતાં તેને ગંભીર ઈજા થતાં તેનું મોત થયું હતું. જેનાથી છરી લાગી ગઈ એ સગીર માનસિક અસ્વસ્થ હોવાનું અને મજાક મજાકમાં આ ઘટના બની ગયાનું પરિવારના લોકોએ કહેતાં પોલીસ પણ મુંજવણમાં મુકાઈ ગઈ હતી.

આ ચોંકાવનારી અને ચર્ચાસ્પદ અને પરિવાર માટે આઘાત આપી જનારી ઘટનાની વિગતો પર નજર કરીએ તો કુવાડવા ગામમાં હરિ ઓમ ચોકમાં રહેતાં અઢાર વર્ષના પૃથ્વી નાથાભાઈ લઢેરને રાતે સાડા નવેક વાગ્યે ઘરે હતો ત્યારે પડખામાં છરીનો ઘા લાગી જતાં લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઈન્સ. રામશીભાઈ વરૂ, અશ્વિનભાઈ રાઠોડ, ધર્મેન્દ્રભાઈ હુદડ, ભાવેશભાઈ મકવાણા, તૌફિકભાઈ જુણાચે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. પૃથ્વીને પડખામાં ગંભીર ઈજા પહોંચી હોઈ રાતો રાત તબિબોએ સુપરસ્પેશિયાલીટી વિભાગમાં દાખલ કરી ઓપરેશન હાથ ધર્યુ હતું. જો કે વહેલી સવારે પૃથ્વીનું મોત નિપજતાં






સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી. પી. રજયાના માર્ગદર્શનમાં પીએસઆઇ એન. જી. સોલંકી, અનુજભાઇ સહિતે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી નિવેદન નોંધવા તજવીજ આદરી હતી. મૃત્યુ પામનાર પૃથ્વી ચાર ભાઈ અને એક બહેનમાં બીજા નંબરે હતો અને ગામમાં છુટક સફાઈ કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. પૃથ્વીના માતાનું નામ મંજુલાબેન છે અને તેની માનસિક બિમારીની દવા ચાલુ છે. પિતા નાથાભાઈ વાલજીભાઈ લઢેર ગ્રામ પંચાયતમાં કોન્ટ્રાક્ટ બેઝ પર કચરા ગાડી હંકારી પરિવારનું ગુજરાન ચલાવે છે.

દિકરો ગુમાવનારા નાથાભાઈએ કહ્યું હતું કે મારો દસથી બાર વર્ષનો દિકરો છે તેની માનસિક સ્થિતી બરાબર નથી અને તેની દવા ચાલુ છે. રાતે સાડા નવેક વાગ્યે તે ઘરમાં શાક સુધારવાની છરીથી રમતો હતો ત્યારે તેનો મોટો ભાઈ પૃથ્વી પર તેની નજીક હતો. આ વખતે સગીર દિકરો હાથમાં છરી સાથે પડી જતાં મોટો દિકરો પૃથ્વી તેના ઉપર પડતાં તેને પડખામાં છરી ખુંપી ગઈ હતી. પોલીસે આ મુજબનું નિવેદન રાતે નોંધ્યું હતું. તેમજ પોતાને કોઈ ફરિયાદ કરવી નહિ હોવાનું નાથાભાઈએ જણાવ્યું હતું. જો કે સવારે પૃથ્વીનું મોત નિપજતાં પોલીસે વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. નાનો સગીર વયનો ભાઈ ખરેખર માનસિક અસ્વથ છે કે કેમ? બનાવ મજાક મશ્કરીમાં જ બન્યો કે કેમ? તે સહિતના મુદ્દે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન મુજબ કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી. આ ઘટનાને પગલે ગામમાં ચકચાર જાગી હતી અને લઢેર પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

# રૂડાએ ૪૫ આવાસો કર્યા રદ

## લાભાર્થી દ્વારા દસ્તાવેજ અથવા તો ભાડા કરાર કરવામાં ન આવતા લેવાયો નિર્ણય

રાજકોટ, તા. ૭

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો એકમાત્ર લક્ષ્ય એ છે કે જે લોકો છે કે જેઓને પોતાના ઘરનું ઘર નથી મળ્યું અથવા તો તેઓ મેળવવા માટે અસક્ષમ છે તેઓને ન જેવી કિંમત પર આવાસ યોજના આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેને લઈ મહાનગરપાલિકા અને અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી દ્વારા આવાસ યોજના ઊભી કરવામાં આવે છે અને તેનું નિર્માણ પણ કરાય છે મહત્વની વાત એ છે કે આ સરકારની યોજનામાં અનેકવિધ લાભાર્થીઓ દ્વારા ... લાભ લેવામાં આવી રહ્યો છે પરંતુ ... ઘણા ખરા કિસ્સામાં લાભાર્થીઓ ... દ્વારા અન ... પ્રકારે ગેરરીતિ આચરવામાં આવતી હોય છે એટલું જ ... નહીં જે લાભાર્થીને આવાસ ... લાગી ગયું હોય તો તેઓ રહેવા આવતા નથી અને તેના બદલે ભાડુઆતને આપી દે છે આવી એક નહીં અનેક ફરિયાદો ઉઠવા પામી છે તો બીજી તરફ ઘણા ખરા કિસ્સામાં લાભાર્થીઓને લાગેલા આવાસ માટે તેઓએ જે ભાડા કરાર અથવા તો જે દસ્તાવેજ કરાવવામાં આવતો હોય તે પણ કરાવવામાં આવતો નથી ત્યારે આ તમામ તકલીફો અને સમસ્યાઓને ધ્યાને લઈ રાજકોટ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી દ્વારા ૪૫ જેટલા આવાસોને રદ કરી દેવામાં આવ્યા છે સાથોસાથ તેઓને એક માસનો સમય પણ આપવામાં આવ્યો છે જે અરસામાં તેમના દ્વારા કોઈ પણ પ્રકારનો તકરાર હોય અથવા તો વાંધો હોય તો તે રજૂ કરી શકે પરંતુ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈને હવે મહાનગરપાલિકા અને અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી આ પ્રકારની ફરિયાદ ને ભૂતકાળ બનાવવા માટે હાલ તમામ પ્રયત્નો હાથ ધરી રહ્યું છે.

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કાલાવડ રોડ ખાતે બનાવવામાં આવેલ ક્ઈ઼ઋ પ્રકારના આવાસોમાં આજદિન સુધી દસ્તાવેજ/ભાડાકરાર કરાવેલ ન હોય તેવા ૪૫ આવાસ ધારકોનાં આવાસો રદ કરવામાં આવ્યા હતા. રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત LIG પ્રકારના ટી.પી.૧૦ એફ.પી.૩૨/એ, (મોટામવા), આદર્શ અને શ્રી હાઉસિંગ કો - ઓપરેટીવ સર્વિસ સોસાયટી, સરિતા વિહાર સોસાયટીની બાજુમાં, કાલાવડ રોડ, રાજકોટમાં નીચે પ્રમાણેની યાદી મુજબ આવાસો આવાસ ધારકોને ફાળવેલ છે.

RUDA
Rajkot Urban Development Authority

જેમના દ્વારા રૂડાનાં આવાસનો દસ્તાવેજ- ભાડાકરાર આજદિન સુધી કરાવેલ ન હોય. આ બાબતે લાભાર્થી શ્રીઓને રૂડા કચેરીએથી વારંવાર નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ, આજદિન સુધી આવાસ ધારકો દ્વારા દસ્તાવેજ/ભાડાકરાર કરાવેલ નથી. આ બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવા આવાસ ધારકોનાં આવાસો રદ કરવામાં આવે છે.

આ બાબતે કોઈપણ પ્રકારનાં વાંધાવચકા હોય તો આજથી દિન-૭માં રૂડા કચેરીનાં કામકાજનાં સમય દરમ્યાન આવાસ શાખાનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

છેલ્લા ઘણા સમયથી મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલા આવાસો કે પછી શહેરીવિકાસ સત્તામંડળ દ્વારા ઉભા કરવામાં આવેલા આવાસોમાં જે પણ લાભાર્થીઓ વસવાટ કરે છે અથવા તો જે લાભાર્થીઓને આવાસ લાગ્યા છે પરંતુ તેમના દ્વારા દસ્તાવેજ કરવામા આવ્યો ન હોય તેવા કિસ્સામાં હવે લાભાર્થીઓને ફાળવવામાં આવેલા આવાસોને રદ કરી દેવામાં આવશે આ માટે હાલ તમામ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે અને ખાસ તખ્તો પણ તૈયાર કરાયો છે.

અત્યારે રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ અને મહાનગરપાલિકા દ્વારા જે આવાસ બનાવવામાં આવ્યા છે તેમાં લાભાર્થીઓ દ્વારા કયાંક ને કયાંક ગેરરીતી કરતા હોવાનું માલુમ પડ્યું અને હવે આ પરિસ્થિતી ભવિષ્યમાં ઉભી ન થાય તે માટેની તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

આવનારા દિવસોમાં પણ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ આ તમામ અને અન્ય આવાસ યોજના ઉપર તપાસ હાથ ધરી ન્યાય કાર્યવાહી હાથ ધરશે.

### રદ કરવામાં આવેલા ફ્લેટ નંબરો

| | |
|---|---|
| A - 105, B -1204, | E 801, G 603 |
| A -1202, C - 901 | F 402 ,G 1001 |
| B - 302, C -1102 | F 506 , G - 1402 |
| B - 404, C -1106 | F 605 , G - 1404 |
| B - 503, C -1403, | F 902 , H - 106 |
| B 601 , D 203, | F 1104, H - 902 |
| B - 702, D 601 | F 1202, H - 1004 |
| B - 801, D 803, | F 1205, I - 601 |
| B - 802, D -1005, | F 1403, I 1204 |
| B - 906, D -1105, | G 102, B -1004, |
| D -1304, G 404, | B -1203, E 505, G 505 |

# RMC પુસ્તકાલયનો ૪૫,૧૫૯ લોકોએ લીધો લાભ

## જાન્યુઆરી મહિનામાં ૩૪૬ સભ્યો જોડાયા

રાજકોટ, તા. ૭

રાજકોટમાં વસવાટ કરતા નાગરિકો માટે મહાનગરપાલિકા દ્વારા અનેકવિધ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે તેમાની એક જો કામગીરી હોય તો તે લાઈબ્રેરીની છે હાલ લાઈબ્રેરી માટે મહાનગરપાલિકા બજેટમાં પણ ઘણું ખરું યોગદાન આપી રહ્યું છે ત્યારે આવનારા દિવસોમાં પણ પુસ્તકાલયમાં વધુને વધુ લોકો જોડાઈ તે માટેના દરેક સંભવત પ્રયત્નો હાલ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે જે આંકડો સામે આવ્યો તે મુજબ ૪૫,૦૦૦ થી વધુ લોકોએ જાન્યુઆરી માસમાં લાઈબ્રેરી નો લાભ લીધો હતો.

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પ્રભાદેવી.જે. નારાયણ પુસ્તકાલય શિક્ષણ સમિતિ કેમ્પસ, કરણપરા ચોક, દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય,વોર્ડ નંબર ૨ ની વોર્ડ ઓફિસની બાજુમાં શ્રોફ રોડ, બાબુભાઈ વૈધ લાયબ્રેરી, બાપા સીતારામ ચોકની બાજુમાં, પેરેડાઈઝ હોલ સામે, ડો. બાબા સાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી,જીલ્લા ગાર્ડન, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ ૧ તથા ૨, મહિલા વાચનાલય, મહિલા એકટીવિટી સેન્ટર, નાના માવા, ચાણકય લાઈબ્રેરી,ગોવિંદ બાગ શાકમાર્કેટ સામે, ઈસ્ટ ઝોનમાં જાન્યુઆરી-૨૦૨૫ માસ દરમ્યાન કુલ ૪૫,૧૫૯ મુલાકાતીઓએ લાભ લીધેલ હતો.

આ એક માસ દરમ્યાન ૩૪૬ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૭૫૦ પુસ્તકો, તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૧૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઈશ્યુમાં મુકવામાં આવેલા છે. જાન્યુઆરી માસ દરમ્યાન ૫,૦૨૦ મેગેઝીન ની વાંચકો માટે ખરીદી કરવામાં આવેલ.

આ સુવિધાઓનો શહેરીજનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા પ્રયત્ન રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે જેનો શહેરના નાગરિકો લાભ મેળવે તેવી અપીલ કરવામાં આવે છે.

### રૈયાધારના યુવાને પત્નિના સોનાના દાગીના, પોતાનું વાહન રામાપીર ચોકડીના મામાની મોજવાળાને ત્યાં ગીરવે મુકી ૯૦ હજાર લીધાઃ તેના પિતા આ રકમ ચુકવી વસ્તુ છોડાવવા જતાં દુકાનદારે ૨.૮૨ લાખ માંગી અપમાનીત કર્યા

# યુવાને ઓનલાઈન ગેમમાં નાણા ગુમાવ્યાઃ પિતાને ધમકી મળી

## દુકાનદારે પણ પોતાની પાસે નાણા ટ્રાન્સફર કરાવવાના નામે ગેમમાં હારી જનારા શખ્સે ૩.૯૦ લાખની ઠગાઈ કર્યાની એફઆઈઆર નોંધાવીઃ યુનિવર્સિટી પોલીસમાં બે ગુના થયા દાખલ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૭**

રાજકોટઃ ઓનલાઇન ગેમનું દૂષણ એટલી હદે વકરી ગયું છે કે તેમાં અનેક યુવાનો અને ટીનેજર્સ બરબાદ થઇ ગયા છે. આ વાતની સાબિતી આપતો વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં રૈયાધાર ક્વાર્ટરમાં રહેતો યુવાન મોબાઇ-લમાં ઓનલાઇન ગેમમાં નાણા હારી જતાં તેણે પત્નિના સોનાના દાગીના અને પોતાનું બાઇક રા-માપીર ચોકડીએ આવેલી મામ-ાની મોજ નામની દૂકાનમાં મની ટ્રાન્સફરનું કામ કરતાં વેપારી પાસે ગિરવે મુકી નેવુ હજાર લીધા હોઇ આ વાતની જાણ તેના પિતાને થતાં તે સગા પાસેથી નેવુ હજાર લઇ દૂકાનદારને આપી દાગીના, બાઇક છોડાવવા જતાં દૂકાનદારે તમારે નેવુ હજાર નહિ ૨,૮૨,૦૦૦ દેવ-ાના છે તેમ કહી ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી દૂકાનમાંથી કાઢી મુકતાં ડખ્ખો થયો હતો. સામે દૂકાનદારે પણ ગેમમાં પૈસા હારી જનારા શખ્સ સામે પોતાની સાથે મની ટ્રાન્સફરના નામે ૩.૯૦ લા-ખની છેતરપીંડી કર્યાની ફરિયાદ દાખલ કરાવી છે.

ચર્ચા જગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો રૈયાધાર બાર માળીયા ક્વાર્ટર બી વીંગ ક્વાર્ટર નં. ૮૧૦માં રહેતાં છેતાલીસ વર્ષીય રિક્ષાચાલક બાબુ-ભાઇ રામજીભાઇ જાદવએ રામાપીર ચોકડીએ દેવજીવન હોટેલ પાસે મામાની મોજ નામે મની ટ્રાન્સફરના કામની દૂકાન ચલાવતાં સંદિપસિંહ જાડેજા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કર-ાવી છે. બાબુભાઇએ જણાવ્યું છે કે મારે સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. જેમાં મોટાનું નામ નરેશ છે. તા. ૨૬/૧/૨૫ના રોજ નરેશનું મોટરસાઇકલ ઘરે જોવા ન મળતાં મેં તેને આ બાબતે પુછતાં તેણે કહેલુ કે વીમામાં મુક્યું છે, તે ખોટુ બોલતો હોવાનું લાગતાં તેને ડારો દઇને પુછ્યું હતું.

આથી દિકરા નરેશે સાચી વાત જણાવતાં કહેલુ કે હું મોબાઇલમાં



ગેમ રમવાના કારણે રૂપિયા હારી જતાં પૈસાની જરૂર ઉભી થતાં પત્નિ પાયલ પાસેથી સોનાના બે ચેઇન, સોનાનું પેનડલ, બે સોનાની વીંટી લીધી હતી અને મારુ શાઇન બાઇક જીજે૦૩એલઇ-૫૨૫૨ લઇને હું દેવજીવન હોટલ પાસે મામાની મોજ નામે દૂકાન ચલાવતાં સંદિપસિંહ જાડેજા પાસે ગયો હતો અને મેં આ બધી વસ્તુ ગિરવે મુકી તેની પાસેથી રૂા. ૯૦ હજાર લીધા છે તેમ કહ્યું હતું. આથી હું સંદિપસિંહની દૂકાને ગયો હતો અને દાગીના, બાઇકની સામે માત્ર ૯૦ હજાર જ આપ્યા છે? તે અંગે પુછતાં અને અમે નાના માણસો હોઇ તેમ વાત કરતાં તેણે ૯૦ હજાર આપ્યા છે બીજો હિસાબ કરવાનો બાકી છે તેમ કહ્યું હતું.

બાબુભાઇએ આગળ કહ્યું હતું કે ત્યારબાદ મેં મારા બનવી મનસુખભાઇ રાઠોડને વાત કરતાં તે મને ૨૮/૧/૨૫ના રોજ ૯૦ હજાર આપી જતાચં હું આ રકમ સંદિપસિંહને આપી મારા દિકર-ાએ ગીરવે મુકેલ સોનાના દાગીના, બાઇક છોડાવવા જતાં સંદિપસિંહ તમારી પાસેથી ૯૦ હજાર નહિ, ૨,૮૨,૦૦૦ લેવાના નીકળે છે, તમારા દિકરાએ આ રકમ ટ્રાન્સફર કરાવી છે તેમ કહેતાં મેં તેને કટકે કટકે રકમ આપી દઇશ તેમ જણાવતાં તેણે જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી પુરેપુરા પૈસા આપવા પડશે તેમ કહી થાય ધમકી આપી દુકાનમાંથી કાઢી મુકતાં મેં ફરિયાદ કરી હતી. તેમ વધુમાં બા-બુભાઇએ જણાવતાં પીએસઆઇ આર. કે. પટેલે એફઆઇઆર દા-ખલ કરી હતી.

આ બનાવમાં વળતો ગુનો પણ દાખલ થયો છે. સામા પક્ષે ગાંધીગ્રામ ધરમનગર કવાર્ટર બ્લ-ોક નં. ૧/૩૦ ખાતે રહેતાં અઠ્ઠ-ાવીસ વર્ષના સંદિપસિંહ રાજેન્દ્રસિં-હ જાડેજાની ફરિયાદ પરથી રૈયાધાર મેઇન રોડ સ્લમ ક્વાર્ટર નં. ૧૨માં રહેતાં નરેશ બાબુભાઇ જાદવ અને તપાસમાં ખુલે તેની સામે રૂા. ૩,૯૦,૦૦૦ની ઠગા-ઈની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સંદિપસિંહ જાડેજા રામાપીર ચોકડી પાસે દેવજીવન હોટલની બાજુની શેરીમાં મામાની મોજનામે દૂકાનમાં બેસી બાર વર્ષથી વેપાર કરે છે. તેણે જણાવ્યું છે કે મારા બેંક એકાઉન્ટ ઇન્ડીયન બેંકમાં અને ફેડરલ બેંકમાં છે. તેમજ મની ટ્રાન્સફર કરવાનું એરટેલ પેમેન્ટ બેંક મારફત લાયસન્સ ધરાવુ છું. પાંચેક મહિના પહેલા રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતો નરેશ બાબુભાઇ જાદવ મારી પાસે રૂપિયા ટ્રાન્સફર કરાવવા આવ્યો હતો.

સંદિપસિંહે આગળ કહ્યું હતુ કે મેં નરેશને રકમ ટ્રાન્સફર કરી આપી હતી. એ પછી નરેશ અવાર-નવાર આ કામ કરાવતો હોઇ હું તેને ફોન આવે તો પણ વિશ્વાસ રાખી પૈસા ટ્રાનસફર કરી દેતો હતો. તે પણ સમયસર રૂપિયા પાછા આપી જતો હોઇ અમારી વચ્ચે વિશ્વાસ બંધાયો હતો.

બાદમાં ગત તા. ૯/૯/૨૪ના રોજ નરેશે મારી દુકાને આવી રૂા. ૨ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતાં અને પૈસા પછી આપી જશે તેમ કહ્યું હતું. જો કે થોડા દિવસ પછી મેં પૈસા પાછા માંગતા તેણે જો મેં કહેલા પૈસા ટ્રાન્સફર નહિ કરો તો તમારા બાકીના પૈસા નહિ આપુ તેમ કહ્યું હતું. મેં નરેશના કહેવાથી કટકે કટકે જુદી જુદી રકમ મારા બેંક ખાતાઓમાંથી ગૂગલ પે, ફોન પે, ઓનલાઇન નરેશના સગા સંબંધીઓને ટ્રાન્સફર કરી દીધી હતી. તેમજ નરેશના ઓનલાઇન ગેમીંગ સ્કેનરમાં પણ રકમ ટ્રાન્સફર કરી આપી હતી.

આ રીતે મેં કુલ રૂા. ૩,૯૦,૦૦૦ની રકમ તેને આપી હતી. આ રકમ તેણે પાછી ન આપી ઠગાઇ કરતાં અંતે પોલીસને જાણ કરવી પડી હતી. તેમ વધુ-માં સંદિપસિંહ જાડેજાએ જણાવતાં પોલીસ ઈન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. એન. એમ. વાવેચાએ એફઆઇઆર દાખલ કરી વિશેષ તપાસ હાથ ધરી છે.

# શંકાશીલ પતિએ મારકૂટ કરી પત્નીને આપ્યો અસહ્ય ત્રાસ

## ઘરેથી રૂ.૧.૫૦ લાખ લઈ આવવા પણ ધાક-ધમકી આપ્યાનો ફરિયાદમાં આક્ષેપ

રાજકોટ મિરર તા.૦૭

પતિ શંકા-કુશંકા કરતો, સાસરિયા માવતરેથી દોઢ લાખ લાવવાનું કહેતા રાણપુર નવાગામની પરિણાતા રાધિકાબેન ધામેચાને પતિ સહિતના સાસરિયાએ ત્રાસ આપ્યાના આક્ષેપ થતા રાજકોટ મહિલા પોલીસ મથકે પતિ મહેશ ધામેચા, સાસુ કાંતાબેન, સસરા લાખા ચના ધામેચા, દિયર નરેશ, દેરાણી મનીષાબેન સામે ફરિયાદ નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદી રાધીકાબેન (ઉ.વ.૨૬) એ જણાવ્યું હતું કે મારાં પિતાનું નામ સુખાભાઈ જોગડીયા છે. હાલ હું મારાં ફુવાના ઘરે શ્રધ્ધા રેસીડેન્સી, ઋષીકેશ, રેલનગર રાજકોટ ખાતે છેલ્લા છ મહિનાથી રહું છું. મારાં લગ્ન તા.૨૩/૦૨/૨૦૨૩ના રોજ નવા સરકારી કવાટ્ર્સ રાણપુર નવાગામ કુવાડવા રોડ રાજકોટ ખાતે રહેતા લાખાભાઈ ચનાભાઇ ધામેચાના દિકરા મહેશ સાથે થયેલ હતા. મારા પતિ મહેશ ધામેચા (ઉં.વ.૩૧) બોલેરો ગાડી ચલાવવાનું કામ કરે છે. મારા પતિના મારાં સાથે બીજા લગ્ન હતા. તેમના પ્રથમ લગ્ન માધાપર ગામની યુવતી સાથે થયાં હતા. પ્રથમ લગ્નજીવનથી મારાં પતિને સંતાનમાં બે બાળકો છે. લગ્ન બાદ હું મારાં પતિ સાથે સંયુકત કુટુંબમાં રહેવા ગઈ. બે મહીના સુધી લગ્ન જીવન સરખી રીતે ચાલેલ. દરમ્યાન મારા પતિ મારી ઉપર શંકા કુશંકાઓ કરતા હતા ત્યારબાદ મને ઘરની બહાર ન નીકળવા દેતા. માવતર જવા ન દેતા. દારૂ પી મારકુટ કરતા. સાસુ કાંતાબેન અને દેરાણી ઘરકામ બાબતે મેણાં મારતા.

અને તેમના દેરાણી મનીષાબેન પણ મેણા ટોણાં મારતા હોવાનું જણાવ્યું હતું આ સાથે તેમના સસરા માવતરેથી દોઢ લાખ રૂપીયા લાવવાની જીદ્દ કરતા હતા. અને ત્યારબાદ થોડા અરસામાં મારાં પિતા બિમાર પડ્યા હોવા છતાં મને માવતરે જવા ન દીધેલ હતી. તેમના પિતાજી ઈન્દિરા સર્કલ પાસેની શાંતિ હોસ્પિટલ ખાતે દાખલ પણ કર્યા હતા ત્યારે મને મારા પતિ એ માવતરના ઘરે બે દિવસ માં પાછી આવતી રેજે તેવી શરતે મુકી ગયા હતા. પિતાના કાર્યમાં મારા પતિ તથા સાસુ સસરા આવેલ હતા. ૩ દિવસ બાદ પતિનો ફોન આવ્યો હતો કે બે દિવસ રોકાવાનું કહ્યું છતા તું આટલા દિવસ સુધી પરત કેમ નાં આવી તેવું કહી ઝગડો કરવા લાગેલ ગાળો આપવા લાગેલ હતા. અને આરોપ નાખતા કે તારે તારા મોટાબાપુના દીકરા એટલે કે જીતેન્દ્રભાઈ કનુંભાઈ જોગડિયા સાથે આડા અવળા સબંધ છે. આવા વહેમ શક કરી અને બે મહિના બાદ તેમના મોટા વડીલો સમજાવા ગયેલ ત્યારે તેમના પિતા એ તેમની પાસે થી દોઢ લાખ રૂપીયાની માંગણી કરી હતી. દરમિયાન મહિલા પોલીસે રાધીકાબેનના પતિ મહેશ લાખા ધામેચા, સસરા લાખાભાઈ ધનાભાઇ ધામેચા, સાસુ કાંતાબેન લાખાભાઈ ધામેચા, દેર નરેશ લાખા ધામેચા અને દેરાણી મનીષાબેન નરેશભાઈ ધામેચા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તમામની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દારૂની ૧૨ બોટલ સાથે સુનિલ સાકરીયા ઝડપાયો

## રૂ.૮૩૫૨નો મુદ્દામાલ કબજે કરતી માલવીયા પોલીસ

રાજકોટ મીરર તા.૦૭

માલવિયા પોલીસે દારૂની ૧૨ બોટલ સાથે એક શખ્સને ઝડપી રૂ.૮૩૫૨ના મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ માલવિયા પોલીસ સ્ટેશનના કોન્સ. જયદીપસિંહ ભટ્ટી, કોન્સ.મયુરદાન બાટી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે નાના મૌવા સર્કલ પાસે ખુલ્લા પ્લોટમાં એક શખ્સ દારૂની બોટલો સાથે ઉભો છે. આવી બાતમી પરથી પોલીસે દરોડો પાડતા ત્યાંથી સાગર ચોક પાસે રહેતો સુનિલ હકાભાઇ સાકરીયાને દારૂની ૧૨ બોટલ સાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે રૂપિયા ૮,૩૫૨નો મુદ્દામાલ કબજે સુનીલ સામે કરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટ એરપોર્ટ પરથી હવે કાર્ગો ફ્લાઈટ ભરી શકશે ઉડાન

રાજકોટ, તા.૭

રાજકોટના હીરાસર એરપોર્ટ આગામી કાલે તા. ૯થી અદ્યતન સુવિધા સાથેનું ટર્મિનલ ખુલ્લું મુકવા આવનાર છે, ત્યારે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હાલ ૧૦થી વધુ ડોમેસ્ટિક ફ્લાઈટ ઉડાન ભરે છે આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનો પણ પ્રારંભ કરવામાં આવશે, જેનો પ્રારંભ કાર્ગો ફ્લાઈટ્સ સાથે થઈ શકે છે. કારણ કે, એરપોર્ટ ડાયરેક્ટરના જણાવ્યા મુજબ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ દ્વારા એરપોર્ટ ખાતે ઈમ્પોર્ટ અને એક્ષ્પોર્ટ થતાં ગુડ્સ લોડીંગ/ અનલોડીંગ માટે મંજુરી આપવામાં આવી છે. જેને લીધે આગામી સમયમાં રાજકોટથી ગુડ્સ વહન અર્થે આંતરરાષ્ટ્રીય કાર્ગો ફ્લાઈટ ઓપરેટ કરી શકવાના માર્ગ ખુલ્યા છે, જેને કારણે સમગ્ર સૌરાષ્ટ્રના ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા લોકો માલસામાન દેશ પરદેશમાં વિમાન દ્વારા મોકલી શકશે.

# ધો.૭ની છાત્રાનું અપહરણ કે નાસી છૂટી ? ભેદભરમ

## ઘરેથી શાળાએ જવાનું કહીને નીકળેલી કિશોરી શાળાએ પહોંચી જ નહોતી : ભક્તિનગર પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ

રાજકોટ મીરર, તા.૭

શહેરની એક જાણીતી શાળામાં ધોરણ સાતમાં ભણતી છાત્રા શાળાએ જવાનું કહ્યા બાદ શાળાએ નહીં પહોંચતા તેમજ આ બાબતે તપાસ કરતા આ સગીરાનું અપહરણ થયાનું માલુમ પડતા સગીરાના વાલીઓએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ભક્તિનગર પોલીસે સગીરાને શોધવા કવાયત આદરી છે. મળતી વિગતો મુજબ શહેરની એક શાળામાં ધોરણ સાતમાં અભ્યાસ કરતી પરપ્રાંતિય ૧૩ વર્ષની કિશોરી ઘરેથી શાળાએ જવાનું કહીને નીકળ્યા બાદ સાંજે મોડે સુધી ઘરે પરત નહીં ફરતા તેણીના વાલીઓએ ચારે બાજુ તપાસ કરી હતી. અંતે શાળાએ પહોંચીને તપાસ કરતા તેમની દીકરી શાળાએ પહોંચી જ ન હોવાનું બહાર આવ્યું હતું.

વાલીઓએ ફરિયાદમાં જણાવ્યું છે કે બુધવારે ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રજા હોવાથી તેમજ શાળામાં પણ ફ્રી ડ્રેસનો દિવસ હોવાથી શાળાનો ડ્રેસ તેમની દીકરીએ પહેર્યો નહોતો. આવી તકનો લાભ લઈને તેમની દીકરીનું કોઈ અપહરણ કરી ગયાની ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. ફરિયાદમાં વાલીઓએ એવું પણ જણાવ્યું હતું કે તેમની દીકરી ઘરેથી ગાયબ થયા બાદ તેણી સાપર વેરાવળમાં હોવાનું ફોન કરીને જણાવ્યું હતુ પરંતુ થોડીવાર બાદ જેમાંથી દીકરીનો ફોન આવ્યો હતો તે મોબાઈલ સ્વીચ ઓફ થઈ જતા દીકરીની ભાળ મળી નથી. એટલું જ નથી દીકરીએ કરેલા મોબાઈલમાંથી ફરી કોઈ ભેદી શખ્શે તમારી દીકરી અહીંથી ચાલી ગઈ હોવાનું કહીને મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો છે.

ત્યારે આ ૧૩ વર્ષની કિશોરીનું અપહરણ થયું છે કે શું ? પોતાની મેળે કોઈની સાથે ચાલી ગઈ છે કે શું કે પછી બીજું કોઈ કારણ છે ? તે તમામ મુદ્દાઓ પર ભક્તિનગર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ચોરાઉ બાઈક સાથે સગીર ઝડપાયો

રાજકોટ મિરર, તા.૭

શહેરના ગોપાલ ચોકમાંથી એક ટપાલીનું છેતાલીસ ટપાલો સાથેનું ચાવી ભરાવેલુ બાઇક ચોરાઇ ગયું હતું. આ ગુનાનો ભેદ ઉકેલી યુનિવર્સિટી પોલીસે સગીરને ચોરાઉ બાઇક સાથે પકડી લીધો છે.

ન્યુ સર્વોદય સોસાયટીમાં રહેતાં પોસ્ટમેન હિતેષભાઇ ચૌહાણે સાધુ વાસવાણી રોડ ગોપાલ ચોક પાસે આદિત્ય હાઇટ્સમાં ટપાલ પહોંચાડવા ગયા ત્યારે બાઇક કોપર બિલ્ડીંગ પાસે પાર્ક કર્યુ હતું. તેમાં બીજી છેતાલીસ ટપાલો અને ચાવી પણ રાખ્યા હતાં. ટપાલ દઇ તે નીચે આવ્યા ત્યાં બાઇક ગાયબ હતું. આ બાઇક ચોરીનો ભેદ હેડકોન્સ. વિરદેવસિંહ જાડેજા, જીજ્ઞેશભાઇ મારૂ અને કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજાની બાતમી પરથી ઉકેલી મુંજકા ચોકડીથી આગળ ક્રાઇસ્ટ કોલેજ નજીકથી સગીરને પકડી લઇ બાઇક કબ્જે કરાયું છે.

# મુસાફરોના ગજવા હળવા કરતા રીક્ષા ગેંગના બે ઝડપાયા

## પકડાયેલો ધનજી ઉર્ફે ધનો તો બે વાર ખાઈ આવ્યો છે પાસા જેલની હવા

રાજકોટ મિરર, તા.૭

રીક્ષામાં બેસાડી મુસાફરોના ગજવા હળવા કરતી ગેંગ કાર્યરત થઇ હોવાની ફરિયાદો બાદ પોલીસે એક્શન મોડમાં આવીને આવા લુચ્ચા રીક્ષાચાલકો પર વોચ ગોઠવી હતી. દરમિયાન રેલ્વે હોસ્પિટલ ચોક નજીક ચાલુ રીક્ષાએ રોકડની ઝુંટવી નાશી જનાર ટોળકીના બે શખ્સને પ્રનગર પોલીસે ઝડપી લઇ આગળની તપાસ આદરી છે. પકડાયેલા બંનેમાંથી એક તો થોડા સમય પહેલાજ પાસાની હવા ખાઈ આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ રૂખડીયાપરામાં રહેતાં જીતેશભાઈ રાયસંગભાઈ દેલવાણીયા (ઉ.વ.30) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે,તેઓ ઘરેથી નીકળી ગ્રેનલેન્ડ ચોકડી છોટાહાથી ગાડી રીપેરીંગમા પડેલ હોય અને રીપેરીંગના પૈસા તેને આપવાના હોય જેથી રૂ.૪ હજાર લઈ ગેરેજે ગાડી લેવા જવા માટે કોઠી કંપાઉન્ડ રેલવે સ્ટેશનથી એક રીક્ષામા બેઠા હતા અને રીક્ષામા એક જાડા સરખો ભાઈ રીક્ષામા બેસેલ હતો. તેની બાજુમા તેઓ બેસેલ અને એક ૩૫ વર્ષીય રિક્ષા ડ્રાઈવર રિક્ષા ચલાવાતો હતો.દરમિયાન રેલવે સ્ટેશનથી



રિક્ષા આગળ પહોંચી ત્યારે રોકડ ૪ હજાર આચકી કાઢી લીધેલ અને રિક્ષામાંથી ઉતારી દીધા હતાં. તેઓ રિક્ષા લઈ ખટારા સ્ટેન્ડ તરફ નાસી છૂટતા તેમણે ફરિયાદ લખાવી હતી.

જેના પરથી પરથી પ્ર. નગર પોલીસ મથકના પીઆઈ પી.આર. ડોબરીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ આઈ.એ. બેલીમ, એએસઆઈ ડી.વી.ખાંભલા અને ટીમે ગુનો ડિટેકટ કરવાં તપાસમાં હતાં ત્યારે કોન્સ્ટેબલ ચાપરાજ ખવડ અને તોફિક મંધરાને મળેલ બાતમીના આધારે ધનજી ઉર્ફે ધનો દેવજી ગેડાણી (ઉ.વ.૪૨),( રહે, પોપટપરા શેરી નં.૦૪/૧૦ નો ખુણો રામાપીર વાળી શેરી) અને સચીન ઢોડીરામ આમકર (ઉ.વ.૩૪),( રહે, પોપટપરા રઘુનંદન સો.સા. ૩/૪ નો ખુણો)ને રિક્ષા તેમજ પેસેન્જર પાસેથી આંચકી લીધેલ રોકડ રકમ સાથે પકડી કાર્યવાહી કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આરોપી ધનજી ઉર્ફે ધનો રીઢો ચોર છે અને તેના વિરૂદ્ધ રાજકોટ, અમદાવાદ સહિતના શહેરના પોલીસ મથકમાં સોળ જેટલા ગુના નોંધાયેલ છે અને બે વખત પાસામાં જેલની હવા ખાઈ આવેલ છે. તેમજ આરોપી ધનજી પોતાનો ઓટો રીક્ષામાં ડ્રાઈવર રાખી તે પાછળ બેસતો અને મુસાફર રીક્ષામાં બેઠાં હોય ત્યારે ચિલઝડપને અંજામ આપતો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી ધનજી મહિના પહેલાં જ પાસામાંથી છૂટી જેલ બહાર આવ્યો હતો અને ફરીવાર ચોરીને અંજામ આપ્યો હતો.


# પાટીદાર આંદોલન સમયના ૯ કેસ ખેંચાયા પરત

## ટેકનિકલ કારણોસર હજુ ચાર કેસોને પરત ખેંચવાના બાકી : સરકારે કરી સત્તાવાર જાહેરાત

અમદાવાદ, તા. ૭

રાજ્યમાં વર્ષ ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન જે કરવામાં આવ્યું તે આંદોલનના પડદા ગુજરાત સહિત સમગ્ર દેશમાં પડ્યા હતા એટલો જ નહીં આંદોલનમાં હાર્દિક પટેલ, ગોપાલ ઇટાલીયા, અલ્પેશ કથીરિયા, રેશમા પટેલ જેવા મોટા નેતાઓ સમાજ સમક્ષ હાજર થયા હતા પરંતુ આ પાટીદાર અનામત આંદોલન દરમિયાન અનેક પાટીદારો સામે શાંતિ દોડવાનો પ્રયાસ તેમજ રાજદ્રો સહિતના વિવિધ ગુનાઓ નોંધવામાં આવ્યા હતા ત્યારથી પાટીદાર નેતાઓ દ્વારા આ ગુનાઓ પરત ખેંચવાની સરકારને માંગણી પણ કરવામાં આવી હતી આંદોલનના દસ વર્ષ સુધી સરકાર દ્વારા ગુના પરત ખેંચવામાં આવ્યા હતા પરંતુ ગઈકાલે સત્તાવાર રીતે રાજ્ય સરકારે આ ગુના પરત ખેંચ્યા છે જેની ગૃહરાજ્યમંત્રીએ પુષ્ટિ પણ કરી છે.

મળતી માહિતી મુજબ રાજ્યના ગૃહ મંત્રી હર્ષસંગવીએ કહ્યું કે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા પાટીદાર સમાજના આંદોલન વખતે



જે લોકો તેમાં સામેલ હતા અને તે અરસમાં જે ઘટનાઓ ઘટી ત્યારબાદ આજે કેસ ચાલુ હતા તેની તપાસ અને ચાર્જશીટ પણ પૂર્ણ થઈ ગઈ છે તેવા નવ કેસ પરત ખેંચવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો જે ખરા અર્થમાં પાટીદાર સમાજ માટે ખૂબ સારી વાત છે. બીજી તરફ હજુ પણ ચાર જેટલા કેસો બાકી છે જેમાં દરેક કેસ ન્યાયિક પ્રક્રિયા હેઠળ પાછા ખેંચવામાં આવ્યા છે તો કેટલાક કેસ પરત ખેંચાઈ શકે તેવા છે તેની સમીક્ષા કર્યા બાદ જ નિર્ણય લેવામાં આવ્યું હતું. જેના પરિણામ સ્વરૂપે આ પ્રક્રિયામાં સમય લાગ્યો.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પાટીદાર આંદોલન વખતે જે પણ ભાગદોડ કે ઘટના ઘટી તે કોઈ ખાસ હેતુ માટે ન હતી ત્યારે આ ઘટના લાગણીમાં આવીને બની હોય તેવું સરકારે સ્વીકાર્યું હતું જ્યારે સમગ્ર ઘટનાની સમીક્ષા કરવામાં આવી તો એ વાતની પણ જાણ થઈ કે જે લોકો આ આંદોલનમાં સામેલ ન હતા તેવા લોકોના પણ નામ આમાં આવી ગયા છે તેથી તે તમામ નિર્દોષોને સજા ન થાય તેનું ધ્યાન રાખીને પણ રાજ્ય સરકાર દ્વારા આ કાર્યવિ હાથ ધરવામાં આવી. મળતી માહિતી મુજબ ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે મોટાભાગના જે કેસ પાછા ખેંચાઈ ગયા છે પરંતુ ચાર જેટલા કેસ ટેકનિકલ કારણોસર હજુ પરત ખેંચવાના બાકી છે જે આવનારા દિવસોમાં તેના પર યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

ગુજરાતમાં પાટીદાર આંદોલન દરમિયાન (મુખ્યમંત્રી) ભૂપેન્દ્ર પટેલની સરકારે મારા સહિત પાટીદાર સમાજના યુવાનો સામે નોંધાયેલા રાજદ્રોહ સહિતના અનેક ગંભીર કેસો પાછા ખેંચી લીધા છે.

સમાજ વતી હું ગુજરાતની ભાજપ સરકારનો આભાર માનું છું. પટેલે જણાવ્યું હતું કે, પાટીદાર આંદોલનને કારણે ગુજરાતમાં બિન અનામત વર્ગો માટે કમિશન અને કોર્પોરેશનની રચના કરવામાં આવી, ૧૦૦૦ કરોડની યુવા સ્વાવલંબન યોજના અમલમાં આવી અને સવર્ણોને આર્થિક ધોરણે ૧૦% અનામતનો લાભ મળ્યો.

**અલગ અલગ અપમૃત્યુની ૪ ઘટનાઓમાં પરિવારોએ સ્વજનો ગુમાવતાં ગમગીની**

# સાળાની ખબર પુછીને આવ્યા પછી બનેવીનુ દિલ ધબકારા ચુક્યું

## સામા કાંઠાના વેપારી ગ્રીનલેન્ડ ચોકડીએ બેભાન થયા બાદ મોતઃ બીજા બનાવમાં જમતી વખતે પ્રૌઢને ઉલ્ટી થઇ ને જીવ ગયોઃ બે વર્ષના ફૂલડા જેવા કિયાનનો તાવ-શરદીએ ભોગ લીધોઃ પાંત્રીસ વર્ષના યુવાનને વાહન અકસ્માતની ઘાત નડી

રાજકોટઃ જન્મ લેનાર દરેક મનુષ્યનું મૃત્યુ નિશ્ચીત હોય છે. પરંતુ પરલોકમાંથી કોને ક્યારે તેડુ આવી જાય તે નક્કી હોતુ નથી. અચાનક દિલ ધબકતાં બંધ થઇ જવાથી મૃત્યુની ઘટનાઓ વધી ગઇ છે. આવા વધુ એક બનાવમાં સામા કાંઠે પેડક રોડ પર રહેતાં વેપારીનું મૃત્યુ થયું છે. તેઓ અમદાવાદ દાખલ કરાયેલા સાળાની ખબર કાઢી રાજકોટ આવ્યા ત્યારે રસ્તામાં છાતીમાં દુઃખાવો ચાલુ થતાં તેમને હોસ્પિટલે ખસેડાયા હતાં. પરંતુ અહિ પહોંચતા સુધીમાં હૃદય બંધ પડી ગયું હતું. બીજા બનાવમાં એક ચોકીદાર પ્રૌઢને જમતા જમતાં ઉલ્ટી થયા બાદ તેમનું મૃત્યુ થયું હતું. ત્રીજા બનાવમાં બે વર્ષના ફુલડા જેવા બાળકનું તાવ-શરદીને કારણે મૃત્યુ થયું હતું. ચોથા બનાવમાં વાહન અકસ્માતની ઘાત એક યુવાનને ભરખી ગઇ હતી.

કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો પેડક રોડ કેયુર પાર્કમાં ક્રિષ્ના ખાતે રહેતાં છેતાલીસ વર્ષના અલ્પેશભાઇ તળશીભાઇ કલોલા તેમના સાળા વિપુલભાઇને અમદાવાદ ખાતે ઓપરેશન માટે દાખલ કરાયા હોઇ તેમની ખબર કાઢવા ગયા હતાં. સાંજે પરત રાજકોટ આવવા તેઓ અમદાવાદથી બસમાં બેઠા હતાં. બસ રાજકોટ નજીક પહોંચી ત્યારે તેમને છાતીમાં દુઃખાવો ઉપડતાં એક કાર રાજકોટ તરફ આવી રહી હોઇ તેના ચાલકે બસ ડ્રાઇવર સહિતે ઉભા રાખી અલ્પેશભાઇને ઝડપથી રાજકોટ





પહોંચાડવા વિનંતી કરતાં કાર ચાલકે મદદ કરી હતી. આ દરમિયાન અલ્પેશભાઇએ તેમના કુટુંબીજનોને જાણ કરતાં કુટુંબીજનો ગ્રીનલેન્ડ ચોકડીએ પહોંચી ગયા હતાં.

અલ્પેશભાઇને ગ્રીનલેન્ડ ચોકડીએથી બેભાન જેવી હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવારને અંતે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હાર્ટએટેક જીવલેણ નીવડ્યાનું સ્વજનોએ જણાવ્યુ.હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અશ્વિનભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ હુદડ, તૌફિકભાઇ જુણાચ, ભાવેશભાઇ મકવાણાએ કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કલ્પેશભાઇ બે ભાઇમાં અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે ઈમિટેશનનું કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. મોભીના મૃત્યુથી કલોલા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

અપમૃત્યુના અન્ય એક બનાવમાં સર્વેશ્વર ચોક બાલજી સ્ક્વેર બિલ્ડીંગમાં ચોકીદારની રૂમમાં પરિવાર સાથે રહેતાં અને અહિ જ ચોકીદારી કરતાં નેપાળના ચોપન વર્ષના ડમ્બરબહાદુર ઉદયબહાદુર વિશ્વકર્મા રાતે જમતા હતાં ત્યારે ઉલ્ટીઓ થવા માંડ્યા બાદ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

હાર્ટએટેક આવી ગયાની શક્યતા જણાવાઇ હતી. મૃત્યુ પામનારને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. એ-ડિવીઝન પોલીસે આકસ્મિક મૃત્યુ નોંધ કરી કાર્યવાહી કરી હતી.

ત્રીજી ઘટનામાં ગોંડલ રોડ પર વાવડી ગામ વૃંદાવન રોડ પર સરકારી ટાઉનશીપ એચ-૧૦૮માં રહેતાં કિશનભાઇ ધોરજીયા અને પાયલબે ધોરજીયાના બે વર્ષના પુત્ર કિયાનની તબિયત બગડતાં સારવાર માટે કે. ટી. ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પરંતુ વહેલી સવારે તેનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ ઝનાના હોસ્પિટલ મારફત એ-ડિવીઝનમાં અને ત્યાંથી માલવીયાનગર પોલીસને જાણ કરવામાં આવતાં એએસઆઇ ગૌતમભાઇ અને ભોજભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી. પરિવારજનોના જણાવ્યા અનુસાર મુજબ કિયાનને બે ત્રણ દિવસથી તાવ-શરદી લાગુ પડ્યા હોઇ દવા ચાલુ હતી. સાંજે તબિયત બગડી જતાં સારવાર માટે દાખલ કરાયેલ પણ સવારે મૃત્યુ થયું હતું. બનાવથી ધોરજીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બાળકના પિતા કિશનભાઇ પ્રાઈવેટ નોકરી કરે છે.

અન્ય એક ઘટનામાં જસદણના ગોખલાણા નજીક સાંજે ટ્રેક્ટરે બાઇકને ઉલાળતાં બાઇક પર બેઠેલા બે યુવાનને ગંભીર ઇજા થતાં જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાંથી એકનું મોત થયું હતું. ગોખલાણા નજીક સાંજે સાતેક વાગ્યે એક ટ્રેકટરની ઠોકરે બાઇક ચડતાં તેના પર સવાર બે યુવાનને ગંભીર ઇજા થતાં ૧૦૮ મારફત જસદણ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ પ્રાથમિક પુછતાછમાં બંનેએ પોતાના નામ સુનિલ ભુવનભાઇ અને દિનેશ ખેતશીભાઇ જણાવ્યા હતાં. બંનેને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ રાતે પાંત્રીસ વર્ષના સુનિલ ભુવનભાઇએ દમ તોડી દીધો હતો. દિનેશ બેભાન હોઇ તેની પાસેથી પણ વધુ વિગતો જાણી શકાઇ નહોતી. આમ ચાર ઘટનાઓમાં પરિવારોએ સ્વજનોને ગુમાવતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

દોસ્ત કેવો હોવો જોઇએ તેના દાખલા આપતી અનેક સત્ય હકિકતો મોજુદ છે, અમુક દોસ્ત લગાવે છે દાગ

# ઉછીના નાણા પાછા ન આપી શકનાર મિત્રની કાર લૂંટી લેવાઇ!

## નાના મવા રોડ ભીમનગર પાસે મિત્રને બે મિત્રોએ વાત કરવા બોલાવ્યા બાદ ઝપાઝપી કરી અને કાર લૂંટી ભાગી ગયાઃ તાલુકા પોલીસે આરંભી શોધખોળ

રાજકોટઃ દોસ્તીના દાખલાઓ આપતી અનેક સત્ય ઘટનાઓ મોજુદ છે. દોસ્તીના નામે ફિલ્મો, સિરીયલો બનાવાયા છે અને પુસ્તકો પણ લખવામાં આવ્યા છે. દોસ્ત કેવો હોવો જોઇએ તેના દાખલા આપતી અનેક ઘટનાઓ છે. પરંતુ અમુક દોસ્ત એવા પણ હોય છે જે દોસ્તીના સંબંધને દાગ લગાવી જાય છે. આવી જ એક ઘટનામાં રાજકોટ રહી ડ્રાઇવીંગ કરતાં મુળ જામનગરના યુવાને ઉછીના દસ હજાર રૂપિયા મિત્ર પાસેથી લીધા હોઇ તે સમયસર આ રકમ પાછી ન આપતાં બે દોસ્ત તેને વાત કરવાના બહાને બોલાવી ઝપાઝપી કરી તેની કાર લૂંટીને ભાગી ગયા હતાં! હવે આ દોસ્તીની કહાની દુશ્મનીમાં પરીણમી છે અને વાત પોલીસ સુધી પહોંચી છે.

વિગતો પર નજર કરીએ તો જામનગરના વતની અને હાલ રાજકોટ બહેન સાથે રહી ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં યુવાને મિત્ર પાસેથી છ મહિના પહેલા દસ હજાર રૂપિયા ઉછીના લીધા હોઇ તે પરત ન કરી શકતાં ગત ઓક્ટોબર મહિનામાં તેને બે મિત્રએ ગાડી લઇને ભીમનગર ચોક શાક માર્કેટ પાસે વાત કરવા બોલાવ્યા બાદ આજે ને આજે હિસાબ પુરો કર તેમ કહી તેની કારની ચાવી પડાવી લઇ બંને કાર લઇ ભાગી જતાં અને આજ સુધી પાછી ન આપતાં અંતે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તાલુકા પોલીસે નાના મવા રોડ ભીમનગર-૧માં રહેતાં મુળ જામનગર ખોડીયાર કોલોની હનુમાન ટેકરી દલિતનગરના વતની ત્રેવીસ વર્ષના યોગેશ મનોજભાઇ ગલચરની ફરિયાદ પરથી રાજકોટ રહેતાં મુળ અમદાવાદના મિલન સોની અને રાજકોટના પ્રિન્સ રાઠોડ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે.






ભોગ બનેલા યુવાન યોગેશ ગલચરે જણાવ્યું છે કે હું ડ્રાઇવીંગકરી ગુજરાન ચલાવુ છું. હાલમાં રાજકોટ મારા બહેન હીનાબેન સાથે રહુ છું. મારા મોટા ભાઇ રોહિતભાઇની માલિકીની સ્વીફ્ટ કાર જીજે૩૨બી-૬૯૫૯ હું ચલાવુ છું અને આ કારની લોન ચાલુ છે. છએક મહિના પહેલા મારે પૈસાની જરૂર પડતાં મેં મારા મિત્ર મિલન સોની પાસેથી રૂપિયા દસ હજાર ઉછીના લીધા હતાં. આ રકમ મેં તેને હજુ સુધી પાછા આપ્યા નહોતાં. તે મારી પાસે પૈસાની માંગણી કરતો હોઇ મેં તેને કહેલુ કે બે ત્રણ દિવસમાં હું તમારો હિસાબ પુરો કરી આપીશ.

ત્યારબાદ તા. ૧/૧૦/૨૪ના રાતે સવા દસેક વાગ્યે હું મારા બહેનના ઘરે હતો ત્યારે મિત્ર પ્રિન્સ રાઠોડે મને ફોન કરી મિલનભાઇના પૈસાનું શું છે? તેમ પુછતાં મેં તેને હું હિસાબ પુરો કરી દેવાનો છું. આ પછી પ્રિન્સે કહેલુ કે તું ગાડી લઇ ભીમનગર ચોક શાક માર્કેટ પાસે આવ, મિલન સોની ત્યાં આવેલ છે. જેથી હું મારી સ્વીફ્ટ કાર લઇને ત્યાં જતાં મિલન સાથે વાત કરી હતી અને મેં તેને એકાદ દિવસમાં જ તમને રૂપિયા આપી દઇશ તેવી વાત કરી હતી. પરંતુ મિલન અને પ્રિન્સે મારી કારની ચાવી માંગતા મેં ના પાડતાં ઝપાઝપી કરી બળજબરીથી મારી પાસેથી ચાવી ઝુંટવી મારી ગાડી લઇ ભાગી ગયા હતાં. આ બંનેએ જતાં જતાં ધમકી આપી હતી કે પૈસા આપી દેજે નહિતર મજા નહિ આવે. હું ગભરાઇ ગયો હોઇ મેં બનાવની જાણ મારા ભાઇને કરી હતી અને ઘરે આવી ગયો હતો. ત્યારબાદ મિલનને વારંવાર ફોન કરતો હતો પણ ફોન બંધ આવતો હતો. આજ સુધી આ બંનેએ મારી કાર પાછી ન આપતાં અંતે મેં પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં યોગેશ ગલચરે કહેતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાના માર્ગદર્શનમાં હેડકોન્સ. મયુરભાઇ ઠાકરે ગુનો નોંધ્યો હતો. પીએસઆઇ કે. એચ. કારેણાએ આરોપીઓને શોધી કાઢવા અને કાર કબ્જે કરવા વિશેષ તપાસ આગળ ધપાવી છે.

# વડોદરા : હરણી બોટકાંડમાં મૃતકો-ઈજાગ્રસ્તોને વળતર આપવા હુકમ

## બે શિક્ષકોને અનુક્રમે રૂ. ૧૧,૨૧,૯૦૦ અને રૂ. ૧૬,૬૮,૨૦૯ તેમજ ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦નું વળતર

રાજકોટ મિરર, તા.૭

આજથી એક વર્ષથી વધુના સમય પહેલા એટલેકે ૧૮મી જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ વડોદરામાં સર્જાયેલા હરણી તળાવ બોટકાંડના હતભાગીઓ અને ઈજાગ્રસ્તોને વળતર આપવા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા હુકમ થયો છે.

આટલા સમય વિત્યા બાદ વડોદરામાં હરણી બોટ દુર્ઘટનામાં તમામ મૃતક બાળકના પરિવારને વળતર પેટે રૂ. ૩૧,૭૫,૭૦૦ આપવાનો સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટે હુકમ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, આ ઘટનામાં ૧૨ બાળકો અને બે શિક્ષક સહિત કુલ ૧૪ લોકોના મોત થયા હતા. સૂત્રોની જાણકારી પ્રમાણે હાઈકોર્ટની અજીના આધારે તમામ મૃતક બાળકના પરિવારજનોને વળતર પેટે રૂ. ૩૧,૭૫,૭૦૦ તથા બે શિક્ષકોને અનુક્રમે રૂ. ૧૧,૨૧,૯૦૦ અને રૂ. ૧૬,૬૮,૨૦૯ તેમજ ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦નું વળતર આપવામાં આવે છે. આ ઉપરાંત નક્કી કરેલી વળતરની રકમ પર જાહેર હિતની અરજીની દાખલ તારીખથી વસૂલાત સુધીના સમયગાળા માટે વાર્ષિક ૯% વ્યાજ દર પ્રમાણે રકમ મળવાપાત્ર રહેશે.

આ ઘટના બાદ વડોદરા કોર્પોરેશનમાં સામાન્ય સભામાં ભાજપના કોર્પોરેટર આશિષ જોષી સહિતના નેતાઓએ વારંવાર ન્યાય અને વળતરને લઈ રજૂઆત કરી હતી. તેમણે કોર્પોરેશન પર આક્ષેપ પણ લગાડ્યા હતા કે, કોર્પોરેશનની ભૂલના કારણે કુલ ૩૦ વ્યક્તિએ જીવ ગુમાવ્યો. હરણી બોટ કાંડમાં ૧૪ વિદ્યાર્થી અને બે શિક્ષિકા સહિત કુલ ૧૪ લોકોના મોત થયા. આ દુર્ઘટનાને એક વર્ષ વીતી ગયું હોવા છતાં પીડિત પરિવારો લાચારીથી મદદ માટે આજીજી કરી રહ્યા છે, જે આપણા માટે શરમજનક છે.'

આ ઘટનાના એક વર્ષ પછી તપાસ કરતાં અધિકારીને લાગ્યું હતું કે, ફરિયાદી જ આરોપી છે, જેથી કોર્પોરેશનના અધિકારી રાજેશ ચૌહાણના પેન્શનમાંથી રૂ. ૫૦૦૦ કપાત કરવાનો કમિશનર હુકમ કર્યો. આ હુકમ પછી અનેક લોકોએ ઉગ્ર માગ કરતા કહ્યું હતું કે, કમિશનરના હુકમ પરથી જ સાબિત થાય છે કે આ પ્રકરણમાં રાજેશ ચૌહાણ દોષિત છે. જેથી મ્યુનિસિપલ કમિશનરે તેમની સામે વધારાની પોલીસ ફરિયાદ કરવી જોઈએ. રાજેશ ચૌહાણ ઉપરાંત ફ્યુચરિસ્ટિક સેલના હેડ, કાર્યપાલક ઇજનેર સહિત તમામ અધિકારીઓને આરોપી બનાવવા જોઈએ. કોન્ટ્રાક્ટર કોટિયા બંધુએ પેડલ બોટ ચલાવવાની હતી, પરંતુ તેઓ તેના બદલે મોટર બોટ ચલાવતા હતા.

# ગાંધીગ્રામમાં જુગાર રમતા ૪ ઝડપાયા

## રૂ.૧૫,૭૦૦નો મુદ્દામાલ કબજે કરતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ મીરર તા.૦૭

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આજે જુગાર દરોડામાં ગાંધીગ્રામ પોલીસે રૂ.૧૫,૭૦૦નો મુદ્દામાલ કબજે કરી ૪ શખ્શોને પકડી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસને બાતમી મળી હતી કે ગાંધીગ્રામ શેરી નંબર ૯ બજરંગ ચોક વર્ધમાન મકાનમાં કિરીટ ગાંધી નામનો શખ્શ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે. પોલીસે ત્યાં દરોડા પાડતા ચાર શખ્શો પકડાઈ ગયા હતા.

જેમાં ગાંધીગ્રામ વર્ધમાન મકાનમાં રહેતો કિરીટ ચુનીભાઈ ગાંધી, વૈશાલી નગરમાં રહેતો જયેશ નટવરલાલ માવાણી, કાંગશીયાળી ગામ કલ્પવન સોસાયટીમાં રહેતો અતુલ બાબુભાઈ હદવાણી, ગિરનાર સોસાયટી પાસે રહેતો હરેશ નાનજીભાઈ રામાણીનો સમાવેશ હોવાનું પોલીસે જણાવ્યું હતું. દરોડા સમયે પોલીસે રૂ.૧૫,૫૫૦નો મુદ્દામાલ કબજે કરી ચારેય સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.


# ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ ઝાકીર હુસૈન ખાનનો આજે જન્મ દિવસ

## ૧૯૪૮માં ઝાકીર હુસૈન અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર બન્યા

ઝાકીર હુસૈન (જન્મ ૮ ફેબ્રુઆરી, ૧૮૯૭, હૈદરાબાદ , ભારત - મૃત્યુ ૩ મે, ૧૯૬૯, નવી દિલ્હી) એક ભારતીય રાજનેતા હતા, જે ભારતના રાષ્ટ્રપતિનું મોટાભાગે ઔપચારિક પદ સંભાળનારા પ્રથમ મુસ્લિમ હતા . કેટલાક મુસ્લિમ કાર્યકરો દ્વારા ધર્મનિરપેક્ષતાના તેમના પ્રોત્સાહનની ટીકા કરવામાં આવી હતી,

ઝાકીર હુસૈને રાષ્ટ્રવાદી નેતાને જવાબ આપ્યો. મહાત્મા ગાંધીએ ભારતીય યુવાનોને રાજ્ય-સમર્થિત

સંસ્થાઓથી દૂર રહેવાની અપીલ કરી; તેમણે અલીગઢમાં મુસ્લિમ રાષ્ટ્રીય યુનિવર્સિટી (પાછળથી નવી દિલ્હી ખસેડવામાં આવી) સ્થાપવામાં મદદ કરી અને ૧૯૨૬ થી ૧૯૪૮ સુધી તેના વાઇસ-ચાન્સેલર તરીકે સેવા આપી. ગાંધીજીના આમંત્રણ પર, તેઓ શાળાઓ માટે ગાંધીવાદી અભ્યાસક્રમ ડિઝાઇન કરવા માટે ૧૯૩૭માં સ્થાપિત રાષ્ટ્રીય મૂળભૂત શિક્ષણ સમિતિના અધ્યક્ષ પણ બન્યા.



૧૯૪૮માં ઝાકીર હુસૈન અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર બન્યા, અને ચાર વર્ષ પછી તેઓ રાષ્ટ્રીય સંસદના ઉપલા ગૃહમાં પ્રવેશ્યા. ૧૯૫૬-૫૮માં તેમણે સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠનના એક્ઝિક્યુટિવ બોર્ડમાં સેવા આપી (યુનેસ્કો ). ૧૯૫૭માં તેમને બિહાર રાજ્યના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ૧૯૬૨માં ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા. કોંગ્રેસ પાર્ટીના સત્તાવાર ઉમેદવાર તરીકે, તેઓ ૧૯૬૭માં ભારતના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા અને તેમના મૃત્યુ સુધી સેવા આપી હતી.

ઝાકીર હુસૈન ખાન ભારતીય અર્થશાસ્ત્રી અને રાજકારણી હતા. તેઓ ૧૩ મે ૧૯૬૭ થી ૩ મે ૧૯૬૯ (તેમના અવસાન સુધી)ના સમયગાળા દરમિયાન ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ તરીકે કાર્યરત રહ્યા હતા. તેઓ ૧૯૫૭ થી ૧૯૬૨ દરમિયાન બિહારના ગવર્નર અને ૧૯૬૨ થી ૧૯૬૭ દરમિયાન ભારતના ઉપરાષ્ટ્રપતિ પદે રહ્યા હતા. તેઓ જામીયા મિલિયા ઈસ્લામિયાના સહસ્થાપક હતા અને ૧૯૨૮થી તેના વાઇસ-ચાન્સેલર પણ હતા. તેમના નેતૃત્વ હેઠળ જામીયામાં ભારતની સ્વતંત્રતાની ચળવળે જોર પકડ્યું હતું. ૧૯૬૩માં તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## રામવન જવાના રસ્તે બન્યો અકસ્માતનો બનાવ : કાર ચાલક લાજવાને બદલે ગાજ્યો

# અકસ્માત સર્જનાર કાર ચાલકની દાદાગીરી : ઈજાગ્રસ્ત મહિલાના ભાણેજ પર હુમલો

રાજકોટ મિરર, તા.૭

રામવન જવાના રસ્તે અકસ્માત સર્જી બે સંતાનો સહિતના મહિલાના એકટીવાને હડફેટે લેનાર કાર ચાલકે લાજવાને બદલે ગાજીને ઈજાગ્રસ્ત મહિલાના ભાણેજ ઉપર હુમલો કર્યાની આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવતા કારચાલક સામે ગુન્હો નોંધાયો છે.



રામવન પાસે રામ પાર્કમા રહેતા જીજ્ઞાશાબેન જીતુભાઇ પટોડીયા (ઉ.વ. ૩૮) એ પોતાની ફરીયાદમા પોતાની મારૂતી સ્વીફટ કાર જીજે ૦૩ કેપી ૯૪૬૯ ના ચાલક વિરુધ્ધ અકસ્માત અને મારામારીની ફરીયાદ નોંધાવી હતી આ ફરીયાદમા જીજ્ઞાશાબેને જણાવ્યુ હતુ કે તેઓ ગઇકાલે સાંજના આઠેક વાગ્યે દિકરી હેમાંશી અને પુત્ર જલ એમ ત્રણેય કોઠારીયા રોડ સ્વાતી પાર્કના બગીચે ફરવા માટે એકટીવા લઇને ગયા હતા ત્યાથી રાત્રીના સાડા નવ વાગ્યે ઘરે જવા ત્યાથી નીકળ્યા હતા.

ત્યારે ખોખડદડના પુલ પાસે રામવન તરફથી આવતી સ્વીફટ કારના ચાલકે બેફીકરાઇથી માનવ જીંદગી જોખમાય તે રીતે કાર ચલાવતા એકટીવાને ઉલાળી હતી જેને પગલે મહીલા તેમજ તેમના બંને સંતાનોને ઇજા થઇ હતી અને આ સમયે તેમને મહીલાએ કાર જોઇને ચલાવવાનુ કહેતા માથાકુટ થઇ હતી જેથી થોડીવાર બાદ જીજ્ઞાશાબેનના બહેનના દિકરા કુશ બોડા ત્યા આવી પહોંચ્યો હતો અને આ સમયે કારના ચાલકે માથાકુટ કરી કારમાથી પાઇપ કાઢી કુશને માર માર્યો હતો જેથી તેમને માથામા ઇજા થતા તે નીચે બેભાન થઇ પડી ગયો હતો અને થોડીવારમા સબંધી આવી જતા તેમને ખાનગી હોસ્પીટલમા સારવાર હેઠળ ખસેડયા હતા આ મામલે આજીડેમ પોલીસે ગુનો નોંધી કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

જયારે બીજી ઘટનામા ત્રંબા નજીક સરદાર હાર્ડવેર નામની દુકાનની સામેથી જેરામભાઇ નરશીભાઇ બારસીયા નામના વૃધ્ધે પોતાનુ સ્કુટર લઇને હાઇવે ક્રોસ કરતા હતા ત્યારે એક આઇશરના ચાલકે તેમને ઠોકરે લેતા જેરામભાઇને શરીરે તેમજ પગમા ફ્રેકચર જેવી ગંભીર ઇજા થઇ હતી. આ મામલે આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ભુપતભાઇ વાછાણીએ જેરામભાઇની ફરીયાદ લઇ અકસ્માત સર્જનાર આઇશરના ચાલક વિરુધ્ધ ગુનો નોંધ્યો હતો.

# શિક્ષણશાસ્ત્રી કનૈયાલાલ મુનશીની આજે પુણ્યતિથી

## ૧૯૩૮માં શિક્ષણ સંસ્થા ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરી હતી : ભારતીય સ્વતંત્રતાસેનાની, રાજકારણી પણ હતા

કનૈયાલાલ માણેકલાલ મુનશી (૩૦ ડિસેમ્બર ૧૮૮૭ - ૮ ફેબ્રુઆરી ૧૯૭૧) (ઉપનામઃ ઘનશ્યામ વ્યાસ) જેઓ ક. મા. મુનશી તરીકે પણ જાણીતા હતા, ભારતીય સ્વતંત્રતાસેનાની, રાજકારણી, ગુજરાતી ભાષાના જાણીતા લેખક અને શિક્ષણશાસ્ત્રી હતા. તેઓ વ્યવસાયે વકીલ હતા, અને પછીથી લેખન અને રાજકારણ તરફ વળ્યા હતા. ગુજરાતી સાહિત્યમાં તેઓ અત્યંત જાણીતા હતા. તેમણે

મુનશીએ ગુજરાતી ઉપરાંત હિંદી અને અંગ્રેજીમાં પણ લેખન કર્યું છે. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા, તેઓ બંધારણ સભાના સભ્ય રહ્યા અને આઝાદ ભારતના સૌપ્રથમ કૃષિપ્રધાન હતા. ઉત્તર પ્રદેશના બીજા રાજ્યપાલ તરીકેની ફરજ બજાવ્યા બાદ નહેરૂ સાથે મતભેદના લીધે સ્વતંત્ર પક્ષમાં જોડાયા. ૧૯૬૦માં સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લીધા બાદ પાછળથી તેમણે વિશ્વ હિંદુ પરિષદની સ્થાપનામાં અગ્રિમ ભૂમિકા ભજવી.

તેમનો જન્મ ૩૦ ડિસેમ્બર ૧૮૮૭ના રોજ ભરૂચમાં માણેકલાલ અને તાપીબાને ત્યાં થયો હતો. તેમનો શાળાકીય અભ્યાસ આર. એસ. દલાલ હાઈસ્કૂલમાં થયો હતો. ૧૯૦૧માં તેમણે મેટ્રિકની પરિક્ષા પાસ કરીને ૧૯૦૨માં વડોદરા કોલેજમાં પ્રવેશ મેળવ્યો. વડોદરામાં તેમના શિક્ષક અરવિંદ ઘોષનો તેમના પર ઊંડો પ્રભાવ પડ્યો હતો. મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને ભુલાભાઈ દેસાઇ પણ તેમના આદર્શ હતા. ૧૯૦૫માં પ્રથમ વર્ગ સાથે અંબાલાલ સાકરલાલ પારિતોષિક જીતીને ઇન્ટરની પરીક્ષા પસાર કરી અને ૧૯૦૭માં એલિયટ પ્રાઈઝ સાથે બી.એ.ની પદવી મેળવી. ૧૯૧૦માં તેમણે એલ.એલ.બી.ની પરિક્ષા ઉત્તિર્ણ કરી અને ૧૯૧૩માં તેમણે મુંબઈ હાઇકોર્ટમાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો.



૧૯૦૦માં નાની ઉંમરે તેમના લગ્ન અતિલક્ષ્મી સાથે થયા. ૧૯૨૪માં અતિલક્ષ્મીનું અવસાન થયું હતું. ૧૯૨૬માં તેમણે લીલાવતી શેઠ સાથે પુનઃલગ્ન કર્યા હતા. લીલાવતી મુનશી પણ જાણીતા ગુજરાતી સાહિત્યકાર હતા.

કનૈયાલાલ મુનશી અને રાજકુમારી અમૃતા કૌર સાથે ટ્રેકટર ચલાવતા જવાહરલાલ નેહરુ. મુનશીએ ગાંધી ટોપી અને ચશ્મા પહેરેલા છે.

૧૯૧૫-૨૦ દરમિયાન તેઓ હોમરુલ લીગના મંત્રી રહ્યા હતા. તેમની સુદિર્ઘ રાજકીય કારકિર્દી દરમ્યાન તેઓ ૧૯૨૫માં મુંબઈ ધારાસભામાં ચૂંટાયા. ૧૯૩૦માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા અને ત્યાર પછી ૧૯૩૦-૩૨ દરમિયાન સ્વતંત્રતાની ચળવળમાં જેલવાસ ભોગવ્યો. ૧૯૩૭-૩૯ દરમિયાન મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન રહ્યા. ૧૯૪૮માં તેમણે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર અને પછી હૈદરાબાદના ભારતમાં વિલિનીકરણમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. ૧૯૪૮માં તેઓ રાષ્ટ્રની બંધારણ સભાના સભ્ય બન્યા અને એ પછી કેન્દ્રીય પ્રધાનમંડળમાં કૃષિપ્રધાન રહ્યા. ૧૯૫૨ની ચૂંટણી પછી ૧૯૫૨ થી ૧૯૫૭ દરમિયાન ઉત્તર પ્રદેશના રાજ્યપાલના હોદ્દા પર રહ્યા હતા. ૧૯૫૮-૫૯ દરમિયાન કોંગ્રેસ પક્ષ સાથે મતભેદો થતા પક્ષમાંથી રાજીનામું આપ્યું અને ૧૯૫૯માં તેઓ રાજાજી સાથે સ્વતંત્ર પક્ષમાં જોડાયા. ૧૯૬૦માં તેમણે સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લીધી.

સાહિત્યની સેવાના પ્રારંભ રૂપે તેમણે ૧૯૧૨માં ભાર્ગવ અને ૧૯૨૨માં ગુજરાત માસિકનો પ્રારંભ કર્યો. ૧૯૨૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના બંધારણમાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેમણે ૧૯૩૮માં ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરી અને ૧૯૩૭, ૧૯૪૯, ૧૯૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે રહ્યા. ૧૯૫૯માં તેમણે સમર્પણ માસિકનો પ્રારંભ કર્યો.

૮ ફેબ્રુઆરી ૧૯૭૧ના દીવસે ૮૩ વર્ષની જૈફ વયે મુંબઈમાં તેમનું અવસાન થયું. કનૈયાલાલ મુનશીની પહેલી નવલકથા પાટણની પ્રભુતા જે તેમણે ઘનશ્યામના નામે લખી હતી. જ્યારે પાટણની પ્રભુતાને આવકાર મળ્યો ત્યાર પછી તેમણે પોતાના સાચા નામે ગુજરાતી સાહિત્યમાં લખવાનુ શરૂ કર્યું. જય સોમનાથ એ રાજાધિરાજ કૃતિ છે, પણ હંમેશા પહેલી ગણાય છે. જીવનના અંતિમ વર્ષોમાં તેઓ કૃષ્ણભક્તિ તરફ વળ્યા હતા અને એટલે તેમની છેલ્લી રચના કૃષ્ણાવતાર છે, જે અધુરી છે.

તેમણે લખેલા સાહિત્યમાં કેટલીક ઉલ્લેખનીય રચનાઓ પર નજર કરીએ તો નવલકથાઓ

મારી કમલા (૧૯૧૨), વેરની વસુલાત (૧૯૧૩) (ઘનશ્યામ ઉપનામ હેઠળ), પાટણની પ્રભુતા (૧૯૧૬), ગુજરાતનો નાથ (૧૯૧૭), રાજાધિરાજ (૧૯૧૮), પૃથિવીવલ્લભ (૧૯૨૧), સ્વપ્નદ્રષ્ટા (૧૯૨૪), લોપામુદ્રા (૧૯૩૦), જય સોમનાથ (૧૯૪૦)

ભગવાન પરશુરામ (૧૯૪૬), તપસ્વિની (૧૯૫૭). કૃષ્ણાવતાર ભાગ ૧ થી ૮ (અપૂર્ણ)

કોનો વાંક, લોમહર્ષિણી, ભગવાન કૌટિલ્ય, પ્રતિરોધ (૧૯૦૦) અને અવિભક્ત આત્માનો સમાવેશ થાય છે. જ્યારે નાટકોમાં બ્રહ્મચર્યાશ્રમ (૧૯૩૧), ડો. મધુરિકા (૧૯૩૬) તેમજ પૌરાણિક નાટકો લખાયા છે.

# પાન મસાલાના વેપારીઓ પર પાડવામાં આવેલા દરોડામાં અઢી કરોડથી વધુની ઝડપાઈ GST ચોરી

## રાજકોટ સહિત અમદાવાદમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા દરોડા




રાજકોટ, તા. ૭

છેલ્લા ઘણા સમયથી સેન્ટ્રલ એજન્સી દ્વારા હાલ કરચોરો પર તવાઈ બોલાવવામાં આવી રહી છે. એટલું જ નહીં જે જગ્યા પર દરોડા પાડવામાં આવ્યા ત્યાંથી એજન્સીને ઘણી ખરી વસ્તુઓ પણ મળી છે મળતી માહિતી મુજબ સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા ચાર ફેબ્રુઆરી દરમિયાન પાન મસાલા અને તમાકુના ડીલરો પર તવાઈ બોલાવવામાં આવી હતી. મળતી માહિતી મુજબ સંવેદનશીલ ચીજ વસ્તુઓમાં ઈન્વોઈસ વિના તથા ખામીયુક્ત ઈન્વોઈસ અથવા તો યોગ્ય દસ્તાવેજ વિના માલની હેરાફેરી થતી હોવાની માહિતી મળતા દરોડા પાડવામાં આવ્યા હતા જેના ભાગરૂપે અમદાવાદ જિલ્લામાં પાન મસાલા અને તમાકુના પાઉચ વહન કરતાં છ વાહનોને અટકાવવામાં આવ્યા સાથોસાથ રાજકોટમાં પણ આ અંગે દરોડા પાડી ચોકાવનારી વિગતો બહાર આવી હતી.

સ્ટેટ જીએસટી દ્વારા મળતી માહિતી મુજબ આ અંગે અધિકારીઓને ચોક્કસ બાતમી મળી હતી અને તે મુજબ માલ તથા દસ્તાવેજોની ચકાસણી પણ કરવામાં આવી હતી.

બીજી તરફ પાન મસાલા અન તમાકુના કુલ ૪૨.૧૨ લાખ બિન હિસાબી પાઉચ મળી આવ્યા હતા જેમાં ૨૫૫ લાખથી વધુની જીએસટી ચોરી કરી હોવાનો હાલ અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા સરકારી આવક નું રક્ષણ અને તેની વસૂલાત કરવામાં જે પણ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતી હોય તે કરવામાં આવશે તેમજ સંવેદનશીલ ચીજ વસ્તુઓમાં કર ચોરીને રોકવા માટે હાલ તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા હોવાનું પણ જણાવ્યું હતું હાલ આ અંગે હજુ પણ આવનારા દિવસોમાં ઝુંબેશ ચલાવવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

અત્યારે માર્ચ એન્ડિંગ નજીક હોવાના કારણે હાલ જે કરચોળો દ્વારા કરચોરી કરવામાં આવી રહી છે તેના પર આકરી કાર્યવાહી કરવા માટે અધિકારીઓ અને વિભાગ દ્વારા કમર કસવામાં આવી છે એટલું જ નહીં હાલ આ તમામ બાબતો પર ગંભીરતા પૂર્વક વોચ પણ ગોઠવવામાં આવી છે જેથી કરચોરોને દંડિત કરી શકાય.

ત્યારે જરૂરી એ છે કે, જે રીતે જીએસટી ચોરી કરવામાં આવી રહી છે તેવી જ રીતે ઈન્કમટેક્સ વિભાગમાં પણ બેનામી વ્યવહારોનું પ્રમાણ સતત વધી રહ્યું છે ત્યારે વધતા દુષણને ડામવા માટે અત્યારે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ દ્વારા હાલ સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચિત કરવામાં આવ્યા છે અને તેઓને આકરા પગલાં લેવા માટે પણ આદેશ કરાયો છે.

હાલ માર્ચ એન્ડિંગ નજીક હોવાના કારણે બંને વિભાગ દ્વારા જે પગલાં લેવામાં આવશે તે ખરા અર્થમાં જોવાલાયક હશે કારણ કે આવકવેરા વિભાગની સાથો સાથ સેન્ટ્રલ જીએસટી અને સ્ટેટ જીએસટી સંયુક્ત રીતે હવે તમામ ઓપરેશન પાર પાડવામાં આવી રહ્યા છે ત્યારે રાજકોટ સહિત અમદાવાદમાં જે પાન મસાલા ના વેપારીઓ પર સ્ટેટ જીએસટી દ્વારા દરોડા પાડવામાં આવ્યા તેમાં ૪૨ લાખથી વધુના પાન મસાલા ના પાઉચ પકડી પાડવામાં આવ્યા છે અને સામે અઢી કરોડથી વધુની કરચોરી પણ પકડી પાડવામાં આવી છે હાલ આવનારા દિવસોમાં આ પ્રકારના વહીવટ કરતા વિક્રેતાઓ પર આંકડા પગલાં લેવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

સંબંધિત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર જીએસટી વિભાગ હોય કે પછી આવકવેરા વિભાગ હોય સંયુક્ત રીતે એક ખાસ યાદી પણ તૈયાર કરવામાં આવી રહી છે જેમાં બાકી રહેતા દિવસોમાં કડક કાર્યવાહી હાથ ધરાશે અને તે માટેની દરેક સંભવત વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

---

નાના મવા રોડ નહેરૂનગરમાં રાતે લગ્નમાં સાથે જમ્યા પછી એવા ઝઘડ્યા કે લોહીના ફુવારા ઉડ્યા

# યુવાનને ચાર મિત્રોએ છરીના ઘા માર્યાઃ પતાવી દેવાનો પ્રયાસ

## તું વિપુલીયા હારે શું કામ બેસે છે, એ અમારો દુશ્મન છે...કહીને તૂટી પડ્યા

રાજકોટઃ શહેરમાં ગમે ત્યાં ગમે ત્યારે ગમે તેના પર હુમલાની ઘટનાઓ બનતી રહે છે. વધુ એક વખત હત્યાની કોશિષનો બનાવ બન્યો છે. જેમાં એક યુવાન પર તેના જ ચાર મિત્રો છરીથી તૂટી પડ્યા હતાં. આ યુવાનને જેની સાથે મિત્રતા છે તેની સાથે હુમલાખોરોને ભળતું ન હોઇ તેના ખારને કારણે હત્યાની કોશિષનો આ બનાવ બન્યો હતો. કોઠારીયા રોડ સ્વાતિ પાર્ક પાસે રહેતાં અને ઓનલાઇન કંપનીના ડિલીવરીમેન તરીકે નોકરી કરતાં યુવાનને તે રાતે નાના મવા રોડ પર નહેરૂનગરમાં મિત્રના લગ્નપ્રસંગમાં જમીને બહાર નીકળી બાજુની શેરીમાં પહોંચ્યો ત્યારે તેના જ જુના મિત્રો તૂટી પડ્યા હતાં અને લોહીલુહાણ કરી નાખ્યો હતો.

ખૂનના પ્રયાસની આ ઘટના પર નજર કરીએ તો માલવીયાનગર પોલીસે હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા કોઠારીયા રોડ સ્વાતિ પાર્ક પાસે આદર્શ વાટીકા સોસાયટીમાં રહેતાં બાવીસ વર્ષના યશ રાજેશભાઇ વરમોરાની ફરિયાદ પરથી નાના મવા રોડ નહેરૂનગરના કરણ બોરીચા, આરએમસી ક્વાર્ટરના શાહરૂખ કાસમ, જમાલ શેખ, સિકંદર ઉર્ફ સિકલો વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો દાખલ



કરી ચારેયને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે. યશ વરમોરાએ જણાવ્યું હતું કે હું ઓનલાઇન કંપનીના ડિલીવરીમેન તરીકે કામ કરી ગુજરાન ચલાવુ છું. ગુરૂવારે મારા મિત્ર વિક્રમસિંહ જાડેજા કે જે નાના મવા રોડ નહેરૂનગર--જમાં રહે છે તેના લગ્ન હોઇ હું તેમાં હાજરી પુરવા મારા મિત્ર જયમીન ગાજીપરા સાથે ગયો હતો.

આ વખતે મારા મિત્રો કરણ બોરીચા, શાહરૂખ, જમાલ અને સિકંદર પણ લગ્નમાં આવ્યા હતાં. લગ્નમાંથી જમીને બહાર નીકળ્યા અને નહેરૂનગર-પમાં પહોંચ્યા ત્યારે મારા જુના મિત્ર કરણ, શાહરૂખ સહિતના સામે મળ્યા હતાં. આ વખતે શાહરૂખે મને ઉભો રાખ્યો હતો. મારે વિપુલ બગથરીયા સાથે મિત્રતા હોઇ તેની સાથે શાહરૂખ, કરણ સહિતને ભળતું નથી. મને શાહરૂખ, કરણ સહિતે ઉભો રાખી કહેલું કે અમારે વિપુલ સાથે જુની અદાવત ચાલે છે, તું કેમ વિપુલ સાથે અવાર-નવાર બેસે છે? તેની સાથે તું કેમ સંબંધ રાખે છે? કહી ઝઘડો કર્યો હતો. એ દરમિયાન સાથેના કરણ, જમીલ, સિકંદર પણ ઉશ્કેરાઇ ગયા હતાં અને હુમલો કરી મને ઢીકાપાટાનો માર માર્યો હતો. તેમજ કરણ, સિકંદર સહિતે છરીથી હુમલો કરી મને મારી નાખવાના ઈરાદે માથા, શરીરે ઘા ઝીંકી દીધા હતાં.

દેકારો થતાં બીજા લોકો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. મને ગંભીર ઇજા પહોંચી હોઇ મારા મિત્રએ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. માલવીયાનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર જીજ્ઞેશ આર. દેસાઇના માર્ગદર્શન હેઠળ હત્યાની કોશિષની કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. જેના કારણે આ ડખ્ખો થયો તે વિપુલ વિરૂધ્ધ અગાઉ ગુના નોંધાઇ ચુક્યાનું પોલીસ સુત્રોએ કહ્યું હતું.

---

# બે તસ્કરીયાને પાસા હેઠળ જેલની સફરે મોકલી દેતાં પોલીસ કમિશનર

## ભક્તિનગર પોલીસ અને માલવીયાનગર પોલીસે વોરન્ટ બજવણી કરી



રાજકોટઃ અલગ અલગ પ્રકારની ગુનાખોરી આચરતાં શખ્સોને પોલીસ કમિશનર દ્વારા સમયાંતરે પાસા હેઠળ જેલમાં ધકેલી દે છે. આવા વધુ બે શખ્સને પાસાની સફરે રવાના કરી દેવામાં આવ્યા છે. આ બંને ચોરીઓના ગુનામાં સંડોવાયેલા હતાં. એક વોરન્ટની બજવણી ભક્તિનગર પોલીસ અને બીજા વોરન્ટની બજવણી માલવીયાનગર પોલીસે કરી છે.

વિગતો જોઇએ તો લોહાનગર મફતીયાપરા જૈન ચાલ પાછળ રામાપીરના મંદિર પાસે રહેતાં તેમજ હાલ નાણાવટી ચોક આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં શની શંકરભાઇ વરગોડીયને ભાવનગર જેલમાં ધકેલી દેવાયો છે. જ્યારે મુળ અમદાવાદ કુબેરનગર છારાનગરમાં રહેતાં ચંદ્રકાંત ઉર્ફ સોનુ જેન્તીભાઇ પરમારને પણ ભાવનગર જીલ્લા જેલમાં ધકેલી દેવાયો છે. શની વિરૂધ્ધ ગાંધીગ્રામ અને ભક્તિનગર પોલીસમાં ચોરીઓના ત્રણ ગુના દાખલ થયા હતાં. જ્યારે ચંદ્રકાંત ઉર્ફ સોનુ વિરૂધ્ધ માલવીયાનગરમાં બે તથા આજીડેમમાં એક મળી ત્રણ ચોરીના ગુના દાખલ થયા હતાં.

જોઇન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. વી. જાદવની સુચના અંતર્ગત દરખાસ્ત તૈયાર કરવામાં આવતાં મંજુર થઇ હતી. ભક્તિનગરના પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, પીસીબીના પીઆઇ એમ. આર. ગોંડલીયા, માલવીયાનગરના પીઆઇ જીજ્ઞેશ આર. દેસાઇ, પીએસઆઇ એમ. એન. વસાવા, એએસઆઇ નિલેષભાઇ મકવાણા, ભરતભાઇ મારકણા, હેડકોન્સ. નરેન્દ્રભાઇ ગઢવી, હિતેન્દ્રસિંહ ઝાલા, પ્રભાતભાઇ મૈયડ, કોન્સ. નિખીલભાઇ પીરોજીયા, અરજણભાઇ પરમાર, હોમગાર્ડ હાર્દિક પીપળીયા તેમજ માલવીયાનગર પીએસઆઇ ડી. એસ. ગજેરા, હેડકોન્સ. મહેશભાઇ રૂદાતલા, શૈલેષભાઇ ખીહડીયા, દિનેશભાઇ બગડા, મનિષભાઇ સોઢીયા, પીસીબીના રાજુભાઇ દહેકવાલ અને ઇન્દ્રજીતસિંહ સિસોદીયાએ વોરન્ટ બજવણી કરી બંનેને જેલભેગા કર્યા હતાં.

---




# RMCએ ગત વર્ષના વેરામાં ૮૬ ટકાની કરી રિકવરી

## ગઈકાલે હાથ ધરાયેલ ઝુંબેશમાં મિલકતો સીલ અને ૫૦ લાખની કરી આવક : કુલ કલેક્શન ૩૫૨ કરોડે પહોંચ્યું

રાજકોટ તા. ૭

રાજકોટના સર્વાંગી વિકાસ માટે અને શહેર ઉતરોતર પ્રગતિ કરે તે માટે હાલ તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનરની સૂચના ને ધ્યાને લઈ ગત વર્ષનું જે લોકોએ પોતાનો ટેક્સ ભર્યો ન હોય તેમના ઉપર પણ હવે આકરી કાર્યવાહી કરવા માટેની તૈયારી કરી દેવામાં આવી છે. મહત્વનું એ છે કે ૪૧૦ કરોડના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે હજુ પણ બાકી રહેતા દિવસોમાં જેટલી વધુ વસૂલાત થાય તેટલું કરી લેવા મહાનગરપાલિકા મથામણ કરી રહી છે. હાલ ૮૬ ટકા જેટલી રિકવરી થઈ ચૂકી છે ત્યારે બાકી રહેતી રકમ ને ઝડપભેર મેળવવા માટેના હાલ તમામ પ્રયત્નો મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવીઃ

૧૦-મિલક્તોને સીલ મારેલ તથા ૬-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા ૧-યુનિટની નોટીસ સામે રીકવરી થયેલ તથા ૩-નળ કનેક્શન કપાત રીકવરી થયેલ. આજના દિન ની રીકવરી રૂ.૫૦.૦૪ લાખ.

વોર્ડ નં-૩માં પરસાણા નગરમાં ૧-યુનિટને સીલ કરવામાં આવ્યું જ્યારે જામનગર રોડ પર આવેલ ‘કાવેર્ય કોમ્પ્લેક્ષ’ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૬ ની સીલ કરાયું. જામનગર રોડ પર આવેલ ‘કાવેર્ય કોમ્પ્લેક્ષ’ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૭ ને પણ સીલ કરાઈ. બીજી તરફ જામનગર રોડ પર આવેલ ‘કાવેર્ય કોમ્પ્લેક્ષ’ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૮ અને ૨ને સીલ કરાયું.

વાત કરવામાં આવે વોર્ડ નં-૪ની તો મોરબી રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૯૪,૫૦૮ થઈ. એવીજ રીતે વોર્ડ નં-૫માં કુવાડવા રોડ પર આવેલ ૨-નળ કનેક્શન કપાત સામે રીકવરી રૂ.૧.૨૫ લાખનો ડઉઈ ચેક આપવામાં આવ્યો. પેડક રોડ પર આવેલા ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૮૦,૦૦૦ ની થઈ. જ્યારે રણછોડ નગરમાં ૧-નળ કનેક્શન કનેક્શન કપાત સામે રીકવરી રૂ.૬૩,૦૩૬ની થઈ.

માર્કેટીગ યાર્ડ પાસે આવેલ ૨-યુનિટને સીલ કરવામાં આવી. જ્યારે માર્કેટીગ યાર્ડ પાસે ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫૯,૬૦૦ થઈ. તો સામે વોર્ડ નં-૭માં બંગડી બજારમાં આવેલ ‘વૈભવ કોમ્પ્લેક્ષ’માં ઓફીસ-નં ૧૦૭ ને સીલ કરવામાં આવી. જ્યારે બંગડી બજારમાં આવેલ ‘વૈભવ કોમ્પ્લેક્ષ’માં ઓફીસ-નં ૧૧૪ ને સીલ કરાઈ. વોર્ડ નં-૧૪માં મીલપરામાં આવેલ વાણીજય ભવન ફોર્થ ફ્લોર શોપ નં-૬ ૧ ૧૦૬ ના નોટીસ સામે રીકવરી રૂ.૫.૨૨ લાખ થઈ. બીજી તરફ વોર્ડ નંબર ૧૫માં રામનગરમાં આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૩૪,૭૭૦ થઈ.

એટલું જ નહીં ગઈકાલ બપોર સુધીમાં કુલ ૧૦ મિલકતોને સીલ કરવામાં આવી જ્યારે પાંચ નળ કનેક્શન કાપવામાં આવ્યા હતા. ગઈકાલે કુલ ૫૦ લાખ રૂપિયાની રિકવરી થઈ અને કુલ રિકવરી નો આંકડો ૩૫૨.૬૦ કરોડે પહોંચ્યો

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.